CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૩ | શુક્રવાર, તા.૧૬-૦૧-૨૦૨૬ | અંક : ૧૬૫ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી : એનડીએ આગળ

## બીએમસી સહિત મહારાષ્ટ્રની ૨૯ પાલિકાની ચૂંટણીનું આજે પરિણામ : એનડીએ ગઠબંધન મહરાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ૬૦થી વધુ બેઠકો પહેલાથી જ બિનહરિફ જીતી ચૂક્યું છે

મુંબઈ

મહારાષ્ટ્રમાં ચાર વર્ષના લાંબા વિલંબ બાદ યોજાયેલી ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. રાજ્યભરના ૮૯૩ વોર્ડમાં કુલ ૧૫,૯૩૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો આજે થશે. મતોની ગણતરી સવારે ૧૦ વાગ્યે શરૂ થઈ ગઈ છે અને બપોર પછી મુખ્ય પરિણામો આવવાની ધારણા છે.ઉલ્લેખનીય છે કે એનડીએ ગઠબંધન એટલે કે મહાયુતિ મહરાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ૬૦થી વધુ બેઠકો પહેલાથી જ બિનહરિફ જીતી ચૂક્યું છે. તેમાં સૌથી વધુ બેઠક ૪૩ ભાજપ જીત્યો હતો. જ્યારે એકનાથ શિંદેની શિવસેનાએ ૧૯ અને એનસીપીએ ૨ બેઠક જીતી હતી. જેને લઈને વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી પંચે પણ આ મામલે તપાસના આદેશ કર્યા હતા. ચૂંટણીઓમાં સૌથી વધુ ચર્ચા બૃહદ મુંબઈ મહાનગરપાલિકાની છે, જે દેશની સૌથી ધનિક નગર નિગમ છે અને તેનું બજેટ ૭૪,૪૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. મ્સ્ઝમાં કુલ ૨૨૭ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જ્યાં બહુમતી માટે ૧૧૪ બેઠકોની જરૂર છે. ગુરુવારે આવેલા એક્ઝિટ પોલમાં મહાયુતિ (ભાજપ + એકનાથ શિંદેની શિવસેના) ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.આ ચૂંટણીમાં મુખ્યત્વે ત્રણ મોટા ગઠબંધન વચ્ચે મુકાબલો જોવા મળ્યો હતો. શિવસેનાના વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પ્રથમવાર સાથે મળીને ચૂંટણી લડ્યા હતા.



૧૫ જાન્યુઆરીએ યોજાયેલા મતદાનમાં મુંબઈમાં સરેરાશ ૪૧-૫૦% મતદાન નોંધાયું હતું. આ ચૂંટણી ૨૦૧૭ પછી પ્રથમ વખત યોજાઈ રહી છે, કારણ કે ૨૦૨૨માં યોજાનારી ચૂંટણી વોર્ડ સીમાંકન અને અન્ય કારણોસર મુલતવી રાખવામાં આવી હતી. મુંબઈ ઉપરાંત પુણે, નાગપુર, નાસિક, થાણે, નવી મુંબઈ, પિંપરી-ચિંચવડ અને કલ્યાણ-ડોમ્બિવલી જેવા મોટા શહેરોના પરિણામો પર પણ સૌની નજર છે.

# કચ્છના રાપરમાં વહેલી સવારે ૨.૫ની તીવ્રતાનો ભૂકંપનો આચકો

## રાપરથી ૧૯ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું

રાપર

ગુજરાતના કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના નાનામોટા આંચકા આવતા રહે છે. રાપરમાં તો જાણે ભૂકંપના આંચકા સામાન્ય બાબત જ બની ગયા છે જેનાથી લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે. આજે વહેલી સવારે ૫:૪૭ વાગ્યે ફરી એકવાર ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાતા



લોકોમાં ડર ફેલાયો હતો અને લોકોએ ઘરની બહાર દોટ મૂકી હતી. ભૂકંપનું કેન્દ્ર રાપરથી ૧૯ કિ.મી. દૂર હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ કચ્છના રાપરમાં ૨૬ ડિસેમ્બરે બે અને ૨૭ ડિસેમ્બરે બે વખત ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડર ફેલાયો હતો. ત્યારે ૨૬ ડિસેમ્બરે સૈથી વધુ ૪.૬ ની તીવ્રતાના ભૂકંપને કારણે લોકોની વર્ષો પહેલા આવેલા સૌથી ભયાનક ભૂકંપની યાદો તાજા થઈ ગઈ હતી. જ્યારે કચ્છમાં મોટી સંખ્યામાં જાનહાનિ અને નુકસાન થયું હતું.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વેપારીની જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા

## બાંગ્લાદેશની વચગાળાની સરકાર હિન્દુઓની રક્ષા કરવામાં સદંતર નિષ્ફળ

ઢાકા

બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાયને સતત નિશાન બનાવવામાં આવી રહ્યો છે. આ સ્થિતિ હજી પણ યથાવત જોવા મળી રહી છે. હિંદુઓના માત્ર હેરાન જ નહીં પરંતુ હવે જાહેરમાં હિંદુઓની હત્યાઓ પણ થવા લાગી છે. બાંગ્લાદેશના નરસિંગડી જિલ્લામાં ફરી એક હિંદુની હત્યા થઈ છે. કરિયાણાની દુકાનદાર મોની ચક્રવર્તીની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી છે. મોની પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, જેના કારણે તે ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો.

હિંદુ વેપારી ગંભીર રીતે ઘાયલ થયો હોવાના કારણે સ્થાનિક લોકોએ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પલાશ પોલીસ સ્ટેશનના અધિકારીએ ઘટનાની પુષ્ટિ કરી હતી. પોલીસની જણાવ્યાં પ્રમાણે હત્યામાં તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પોલીસ હવે આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. પોલીસ માત્ર તપાસ જ કરે છે. તેમાં કોઈ કામગીરી કેમ કરવામાં નથી આવતી? છેલ્લા એક જ મહિનામાં અનેક હિંદુઓની હત્યા થઈ છે.

બાંગ્લાદેશ અત્યારે હિંદુઓ માટે સુરક્ષિત છે કે કેમ કે એક સવાલ બની ગયો છે. સતત હિંદુઓને હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યાં છે અને હવે તો હત્યાની પણ ઘટનાઓ વધી રહી છે. ડિસેમ્બર મહિનાથી હિંદુઓની હત્યા વધી રહી છે. ૧૮ ડિસેમ્બરે દીપુ ચન્દ્ર દાસની હત્યા, ૨૫ ડિસેમ્બરે અમૃત મંડલ નામના યુવકની હત્યા, ૧૧ જાન્યુઆરીએ સમીર દાસ નામના યુવકની હત્યા થઈ હતી. હિંદુ સમુદાયને જાણીજોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જે ત્યાંની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. બાંગ્લાદેશની વચગાળાની સરકાર પણ હિંદુઓની રક્ષા કરવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

# રશિયાનો જાસૂસીના આરોપમાં બ્રિટિશ રાજદ્વારીને તાત્કાલિક દેશ છોડવા આદેશ

## એફએસબી કાઉન્ટર-ઈન્ટેલિજેન્સને યુકેની ગુપ્તચર એજન્સીઓ સાથે રાજદ્વારીને સંબંધો હોવાની માહિતી મળી હતી

મોસ્કો

રશિયાએ એક બ્રિટિશ રાજદ્વારીને જાસૂસી કરવાના આરોપસર દેશમાંથી હાંકી કાઢ્યા હતા. એફએસબી કાઉન્ટર-ઈન્ટેલિજેન્સને યુકેની ગુપ્તચર એજન્સીઓ સાથે તેમના સંબંધો હોવાની માહિતી મળી હતી.

ફેડરલ સિક્યુરિટી સર્વિસના જણાવ્યા અનુસાર મોસ્કોમાં બ્રિટિશ દૂતાવાસમાં સેક્રેટરી ગેરેથ સેમ્યુઅલ ડેવિસ યુકેની ગુપ્તચર એજન્સીઓ માટે કામ કરતા હતા. મોસ્કોમાં યુકેના ચાર્જ ડી'અફેર્સ ડેની ધોળકિયાને ઔપચારિક વિરોધ નોંધાવવા અને શંકાસ્પદ જાસૂસને બે અઠવાડિયાની અંદર રશિયામાંથી હાંકી કાઢવાની માંગ કરવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું.



રશિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે મોસ્કો રશિયન પ્રદેશ પર બ્રિટિશ વિશેષ સેવાઓના અઘોષિત એજન્ટોની પ્રવૃતિઓને સહન નહીં કરે. રશિયન સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના મામલામાં ઝીરો-ટોલરન્સ નીતિ ધરાવતી હોવાનું મંત્રાલયે કહ્યું હતું.

ધોળકિયાને સ્મોલેન્સ્કાયા સ્ક્વેર ખાતે બોલાવવામાં આવ્યા હતા. જેથી તેમને જણાવી શકાય કે રશિયાના સક્ષમ અધિકારીઓને માહિતી મળી છે કે દૂતાવાસનો એક રાજદ્વારી કર્મચારી બ્રિટિશ ગુપ્તચર એજન્સીઓ સાથે સંકળાયેલો છે.

મંત્રાલયે જણાવ્યું કે આને ધ્યાને લેતાં અને ૧૯૬૧ના વિયેના કન્વેન્શન ઓન ડિપ્લોમેટિક રિલેશન્સની કલમ ૯ અનુસાર આ વ્યક્તિની માન્યતા રદ કરવામાં આવી રહી છે. તેણે બે અઠવાડિયાના સમયગાળામાં રશિયન ફેડરેશન છોડવું પડશે.



આસામ રાજ્યના સરુસાજાઈ સ્ટેડિયમ ખાતે બોડો નવા વર્ષ નિમિત્તે યોજાતા બ્વિસાગુ ઉત્સવના રિહર્સલ દરમિયાન નર્તકો બાગુરુમ્બા નૃત્ય રજૂ કરે છે.

# અમદાવાદમાં વાસી ઉત્તરાયણે દારૂ-ડાન્સ પાર્ટી કરતી ૪ યુવતી સહિત ૧૬ ઝડપાયા

## ગુલબાઈ ટેકરીના પંચવટી વિસ્તારમાં આવેલ ફ્લેટની અગાસીમાં ચાલતી પાર્ટીમાં પોલીસે પાડ્યો દરોડો

અમદાવાદ,

અમદાવાદમાં વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે યુનિવર્સિટીના ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારના એક ફ્લેટના ટેર્રેસમાં દરોડો પાડી પોલીસે ૧૬ યુવક-યુવતીઓને દારૂનો નશો કરેલી હાલતમાં પકડ્યાની વિગતો છે. ઈન્ફ્લુએન્સર તરીકે કાર્યરત કુશલ શાહ નામના વ્યક્તિએ ગેટ-ટુ-ગેધરના નામે ડી.જે. મ્યુઝિક અને ડાન્સ સાથે પાર્ટી યોજી હતી તેની ધમાલથી કોઈએ પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યો હતો.

યુનિવર્સિટી પોલીસે દરોડો પાડયો ત્યારે હાજર ૩૦ લોકોમાંથી ૧૨ યુવક અને ચાર યુવતી નશો કરેલી હાલતમાં હોવાનું જણાતાં મેડિકલ ટેસ્ટની કાર્યવાહી કરાઈ છે. હવે, ઉત્તરાયણના તહેવાર દરમિયાન પોશ વિસ્તારમાં દારૂ અને ડાન્સ પાર્ટી પકડાતાં ફરિયાદ નોંધવા તજવીજ ચાલે છે.ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારમાં શ્રી સોસાયટી નજીક સેન્ટેરિયન વિસ્ટા નામના પાંચ માળના વૈભવી એપાર્ટમેન્ટ છે. ઢળતી સાંજે શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને આ એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર દારૂ, હુક્કા સાથે ડી.જે. એન્ડ ડાન્સ પાર્ટી ચાલતી હોવાની ફરિયાદ કરતો ફોન કોઈ નાગરિકે કર્યો હતો. યુનિવર્સિટી પોલીસની ટીમે દરોડો પાડીને ટેરેસ ઉપર ચાલી રહેલી ડાન્સ પાર્ટીમાંથી અંદાજે ત્રીસેક યુવક-યુવતીઓને તપાસ્યાં હતાં.

પ્રાથમિક તપાસ દરમિયાન ૧૨ યુવક, ચાર યુવતી મળી કુલ ૧૬ લોકો નશો કરેલી હોવાની હાલતમાં હોવાનું જણાતાં તમામને મેડિકલ ટેસ્ટ માટે અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાર કલાકની તપાસ બાદ પોલીસે જણાવ્યું હતું કે, પાર્ટીનું આયોજન કુશલ શાહ નામના વ્યક્તિએ કર્યું હતું. સ્થળ ઉપરથી દારૂની નાની-મોટી અને ખાલી-ભરેલી ૨૦ જેટલી બોટલો મળી છે વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે પોશ વિસ્તારમાં આવેલા કુલ ૧૦ફ્લેટ છે તેવા એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર પકડાયેલી પાર્ટીમાં દારૂની મોંઘી બોટલો, હુક્કા, નાસ્તો અને ખાવાના પાંચ કાઉન્ટર હતાં.

# નોબેલ વિજેતા મારિયા મચાડોએ નોબેલ પુરસ્કાર ટ્રમ્પને ભેટ કર્યો

**નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતથી અમેરિકામાં રાજકીય ગરમાવો**



વોશિંગ્ટન

વેનેઝુએલામાં ચાલી રહેલા ગંભીર રાજકીય સંકટ વચ્ચે, વિપક્ષી નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ મુલાકાત બાદ મચાડોએ દાવો કર્યો કે તેમણે પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ ટ્રમ્પને ભેટમાં આપ્યો હતો. આ ગિફ્ટ ડિપ્લોમસીએ વોશિંગ્ટનથી લઈને કરાકસ સુધી નવી રાજકીય અટકળોને જન્મ આપ્યો છે.

આ બહુચર્ચિત બેઠક વ્હાઈટ હાઉસમાં લંચ પર યોજાઈ હતી, જે આ મહિનાની શરૂઆતમાં અમેરિકાની આગેવાની હેઠળના ઓપરેશનમાં પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ થઈ છે. એક કલાકથી વધુ ચાલેલી ચર્ચા બાદ જ્યારે મચાડો વ્હાઈટ હાઉસમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમના સમર્થકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે સમર્થકોને કહ્યું, "આપણે પ્રમુખ ટ્રમ્પ પર વિશ્વાસ કરી શકીએ છીએ.નોબેલ પુરસ્કારની ભેટ અને નિયમો જ્યારે મચાડોને પૂછવામાં આવ્યું કે શું ટ્રમ્પે તેમના દ્વારા આપવામાં આવેલો મેડલ સ્વીકાર્યો છે, તો તેમણે જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો. જોકે, નોબેલ શાંતિ પુરસ્કાર આપતી સંસ્થા પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નિયમો અનુસાર પુરસ્કારને ટ્રાન્સફર કે શેર કરી શકાતો નથી.

બીજી તરફ, મારિયા કોરિના મચાડો વ્હાઈટ હાઉસમાંથી એક ગિફ્ટ બેગ લઈને બહાર નીકળ્યાં, જેના પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લખેલું હતું. આ લાલ રંગની બેગમાં શું હતું તે સ્પષ્ટ થયું નથી.

CMYK CMYK

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને તમામ ફાઈલ ઈ-સરકારથી મોકલવા આદેશ

## શાળા કમિશનર કચેરી કોઈપણ ફાઈલ કે પત્ર હાર્ડ કોપીમાં નહીં સ્વીકારે : આદેશનું પાલન ન કરનાર સામે કાર્યવાહી

અમદાવાદ,

કમિશનર શાળાઓની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને એક પત્ર લખવામાં આવ્યો છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. તેમજ તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં તમામ ફાઈલ ઈ-સરકાર મારફતે જ ચલાવવા કમિશનર શાળાઓની કચેરીએ આદેશ કર્યો છે. આજ (૧૫ જાન્યુઆરી)થી કમિશનર શાળાઓની કચેરી કોઈપણ ફાઈલ કે પત્ર હાર્ડ કોપીમાં સ્વીકારશે નહીં. જો કોઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં મોકલશે તો જિલ્લા શિક્ષણાધિકારી સામે કાર્યવાહી પણ થઈ શકે છે.

ડિજિટલ યુગમાં સરકારી કચેરીઓને પેપરલેસ બનાવવા રાજ્ય સરકાર દ્વારા ઈ-સરકાર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. ઈ-સરકારનો મુખ્ય હેતુ મેન્યુઅલ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે સંકલિત ઈલેક્ટ્રોનિક ફાઈલ બનાવી અને તેના રેકર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ થકી સરકારી કચેરીઓની કામગીરીને વધુ આધુનિક બનાવવાનો છે. જેથી તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનો અમલ કરવા સૂચના આપવામાં આવી છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં કોઈપણ પ્રકારની ફાઈલની કાર્યવાહી હાર્ડ કોપીમાં ન કરવા આદેશ કરાયો છે.

જોકે, અનેક વખત શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા માટે સૂચના આપી હતી. પરંતુ તેનો ૧૦૦ ટકા અમલ ન થતો હોવાથી હવે કડક નિર્ણય લેવામાં આવ્યો છે. કમિશનર શાળાઓની કચેરી ખાતે મોકલવામાં આવતી તમામ ફાઈલો અને પત્ર હવે માત્ર ઈ-સરકાર મારફતે જ મોકલવા માટે આદેશ કરવામાં આવ્યો છે. આજથી કમિશનર શાળાઓની કચેરી હવે કોઈ પણ ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં સ્વીકારશે નહીં. તેમજ જો કોઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં મોકલશે તો જિલ્લા શિક્ષણાધિકારી સામે કાર્યવાહી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# શેર બજારમાં નફો કમાવવાની લાલચ આપી કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગના બે આરોપીઓ ઝડપાયા

## પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન અને બેંક પાસબુક જપ્ત કર્યા



ગાંધીનગર,

શેર બજારમાં રોકાણ કરી જંગી નફો કમાવવાની લાલચ આપી લોકોને છેતરીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગના બે આરોપીઓને ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ (સીસીઈ) ગાંધીનગરે ઝડપી પાડ્યા છે. આ કૌભાંડમાં કુલ ૮.૪૫ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસો જોડાયેલા છે, જેમાં અનેક રાજ્યોના નાગરિકો ભોગ બનેલા છે. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન અને બેંક પાસબુક જપ્ત કર્યા છે.

પોલીસ અધિકારીઓ અનુસાર, આરોપીઓએ એક ફરિયાદીને વોટ્સએપ ગ્રુપમાં જોડીને પોતાને 'પ્રેમજી ઈન્વેસ્ટ' નામની કંપનીના વિશેષ ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે રજૂ કર્યા હતા. આ કંપનીને તેઓએ ખોટી રીતે સેબી રજિસ્ટર્ડ તરીકે દર્શાવી હતી. તેઓએ ફરિયાદીને વિવિધ લિંક્સ અને એપ્લિકેશન્સ ડાઉનલોડ કરાવી, બનાવટી કેવાયસી પ્રક્રિયા અને ટ્રેડિંગ પ્લેટફોર્મ બતાવીને શેર માર્કેટ આઈપીઓ અને બ્લોક ટ્રેડિંગમાં મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી. આમ કરીને તેઓએ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૨.૩૨ કરોડ જમા કરાવ્યા હતા. એપ્લિકેશનમાં મોટો વર્ચ્યુઅલ નફો બતાવીને વિશ્વાસ જીત્યા બાદ, તેઓએ રોકાણ અને નફો પરત ન આપ્યા અને બનાવટી સેબી સર્ટિફિકેટ્સ તથા પત્રો મોકલીને વધુ છેતરપિંડી કરી હતી.

આ કેસમાં સીઆઈડી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજિસ્ટર નંબર ૦૫૨૦૨૬ અન્વયે ગુનો નોંધાયો હતો. ડેપ્યુટી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. રાદડીયાના નેતૃત્વમાં બનેલી ટીમે બેંક ખાતાઓ, મોબાઈલ નંબરો અને ટાવર ડમ્પ ડેટાનું વિશ્લેષણ કરીને આરોપીઓના લાઈવ લોકેશન મેળવ્યા હતા. તપાસ અમદાવાદમાં પહોંચી અને ત્યાંથી આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

# IAS કેડરમાં ગુજરાતને બે નવા અધિકારીઓ મળ્યા

## ખેડા-નડિયાદ અને રાજકોટમાં સુપરન્યુમરરી એડિશનલ કલેક્ટરની નિમણૂક



ગાંધીનગર,

ગુજરાત સરકાર દ્વારા IAS કેડરમાં બે નવા અધિકારીઓની મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારી અને તાલીમ વિભાગની સૂચના બાદ રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આ અંગે અધિકૃત જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ, અવની ચિત્તરાંજન વોરાને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ટ્રિબ્યુનલ, અમદાવાદના સભ્ય તથા રજિસ્ટ્રાર તરીકેની જવાબદારીમાંથી પ્રમોશન આપી ખેડા-નડિયાદ ખાતે નવી રીતે સર્જાયેલ સુપરન્યુમરરી એડિશનલ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તે જ રીતે, ટેકચંદ છત્રભુજ તિર્થાણી, કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક, રાજકોટમાં જોઈન્ટ રજિસ્ટ્રાર (ઓડિટ) તરીકે ફરજ બજાવતા હતા, તેમને રાજકોટ ખાતે સુપરન્યુમરરી એડિશનલ કલેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે.

# વીડિયો કોલ પર પરિવારની નજર સામે કેનાલમાં ઝંપલાવ્યું

અમદાવાદ,

ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકના ચોપડે એક હૃદયદ્રાવક ઘટના નોંધાઈ છે, જેમાં સાસરી પક્ષના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને એક ૪૨ વર્ષીય યુવકે પોતાના જ ભાઈને વીડિયો કોલ કરી આપવીતી જણાવી કેનાલમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. આ મામલે મૃતકના નાના ભાઈએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં પત્ની, સાસુ, બે સાળી અને બે સાળા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગતો મુજબ, મૂળ વિસનગરના રાલીસણા ગામના વતની અને હાલ અમદાવાદના ચેનપુર વિસ્તારમાં રહેતા રાહુલભાઈ દલપતભાઈ રાવતે તેમના મોટા ભાઈ લક્ષ્મણભાઈ પરમાર (ઉં.વ. ૪૨)ના મોતના મામલે ફરિયાદ નોંધાવી છે. એ મુજબ લક્ષ્મણભાઈના લગ્ન વર્ષ ૨૦૧૧માં રાલીસણા ગામની જ સુમિત્રાબેન સાથે થયા હતા. લગ્ન બાદ થોડો સમય બધું બરાબર ચાલ્યું હતું, પરંતુ ત્યાર બાદ સુમિત્રાબેન નાની-નાની બાબતોમાં ઝઘડા કરી અલગ રહેવા માટે દબાણ કરતાં હતાં. પત્નીની જીદને કારણે લક્ષ્મણભાઈ છેલ્લાં ૫ વર્ષથી ઘર છોડીને રાલીસણા ખાતે પોતાની સાસરીમાં જ રહેવા ગયા હતા.

જોકે લક્ષ્મણભાઈ જ્યારે પણ પોતાના વતનના પરિવાર કે ભાઈઓને મળતા ત્યારે પોતાની વ્યથા ઠાલવતા હતા. તેમણે પરિવારને જણાવ્યું હતું કે સાસરીમાં રહેવા છતાં પત્ની સુમિત્રાબેન અને સાસુ નર્મદાબેન તેમને શાંતિથી રહેવા દેતાં નથી. અવારનવાર પૈસાની માગણી કરી તેમને હેરાન કરવામાં આવતા હતા. જો તેઓ પૈસા ન આપે તો તેમને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતા હતા.

ગત તારીખ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ આ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. લક્ષ્મણભાઈએ સવારે તેમના ભાઈને ફોન કરીને રડતાં-રડતાં જણાવ્યું હતું કે પત્ની અને સાસુએ પૈસા માટે ઝઘડો કર્યો છે. ફક્ત એટલું જ નહીં, સાસરી પક્ષે તેમની સાળીઓ ઊર્મિલાબેન અને ગીતાબેન તેમજ રાજગઢથી બે કુટુંબી સાળાને બોલાવીને લક્ષ્મણભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.

સાસરિયાંએ ધમકી આપી હતી કે જો તું પૈસા નહીં આપે તો તને તારાં બાળકો પણ જોવા નહીં દઈએ. આ શારીરિક અને માનસિક ત્રાસ સહન ન થતાં લક્ષ્મણભાઈ રાત્રિના સમયે અડાલજ નજીક ઝુંડાલ કેનાલ પાસે પહોંચ્યા હતા. તેમણે ત્યાંથી પોતાના ભાઈને વીડિયો કોલ કર્યો હતો. વીડિયો કોલમાં તેમણે કરુણતા સાથે જણાવ્યું હતું કે હું હવે થાકી ગયો છું, મારાં સાસુ અને પત્ની મને જીવવા દેતાં નથી. હું આ ડગલું ભરી રહ્યો છું, મારાં બાળકોને તમે સાચવજો. જેના પગલે પરિવારજનો તેમને શોધવા માટે કેનાલ દોડી ગયાં હતાં. દરમિયાન રાત્રિના અંધકારમાં મોબાઈલની લાઈટ દૂરથી દેખાઈ રહી હતી, પરંતુ પરિવારજનો મોબાઈલ લાઈટના અજવાળા તરફ પહોંચ્યા જ હતા ને લક્ષ્મણભાઈએ મોતની છલાંગ લગાવી દીધી હતી. જેમની લાશ સાંતેજ પોલીસ મથકની હદમાંથી મળી આવી હતી. આ ઘટના બાદ મૃતકના ભાઈની ફરિયાદને આધારે સાંતેજ પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે પત્ની સુમિત્રાબેન, સાસુ નર્મદાબેન, સાળી ઊર્મિલાબેન, સાળી ગીતાબેન અને રાજગઢના બે કુટુંબી સાળા સહિત કુલ ૬ શખસો વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા હેઠળ ઝીરો નંબરથી ગુનો દાખલ કરી વધુ તપાસ વિસનગર પોલીસ તરફે મોકલી આપી છે.

# કડીમાં પતિના મિત્રએ પરિણીતા પર ૩ વાર દુષ્કર્મ આચર્યું

## પરિણીતાનો પતિ જેલમાં હોવાનો લાભ ઉઠાવ્યો, પતિ જેલમાંથી છૂટ્યા બાદ ઝઘડો કરાવ્યો

કડી,

કડી પંથકમાં માનવતાને શર્મસાર કરતો એક કિસ્સો સામે આવ્યો છે. ચોરીના ગુનામાં પતિ જેલમાં હોવાનો લાભ ઉઠાવી તેના જ મિત્રએ એક પરિણીતા પર ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ વીડિયો કોલ પર છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે કડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પતિ જેલમાં ગયાના બીજા જ દિવસથી વાતચીત શરૂ કરી: પોલીસ ફરિયાદ મુજબ, કડીના જાસલપુર રોડ પર રહેતી ૨૫ વર્ષીય પરિણીતાના પતિને ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ચોરીના કેસમાં જેલ થઈ હતી. પતિ જેલમાં ગયાના બીજા જ દિવસે, ૧૭ ડિસેમ્બરે, પતિના મિત્ર અને ગ્રીનવિલા સોસાયટીમાં રહેતા આરોપી અહેસાન આરીફભાઈ લુહારે પરિણીતાને ફોન કર્યો હતો. તેણે પૈસાની જરૂરિયાત અંગે પૂછી વાતચીત શરૂ કરી હતી.

૧૭ ડિસેમ્બરની રાત્રે પહેલીવાર દુષ્કર્મ: ૧૭ ડિસેમ્બરની રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે, જ્યારે પીડિતા તેના બાળકો સાથે સૂતી હતી, ત્યારે આરોપી અહેસાન તેના ઘરે આવ્યો હતો. તેણે બાળકો માટે નાસ્તો લાવ્યો હોવાનું કહી દરવાજો ખોલાવ્યો હતો. પરિણીતાએ વિરોધ કર્યો છતાં, આરોપી જબરદસ્તી ઘરમાં ઘૂસી ગયો અને તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું.

૨૦ ડિસેમ્બરની રાત્રે બીજીવાર દુષ્કર્મ: આ હેવાનિયત અહીં જ અટકી ન હતી. બીજા દિવસે આરોપીએ પીડિતાને વોટ્સએપ પર વીડિયો કોલ કર્યો અને હાથમાં છરી બતાવી ધમકી આપી કે જો આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ. આ ડરના કારણે પરિણીતા ચૂપ રહી. ત્યારબાદ ૨૦ ડિસેમ્બરની રાત્રે આરોપી ફરીથી આવ્યો અને "દરવાજો નહીં ખોલે તો બૂમો પાડી સમાજ ભેગો કરીશ" તેવી ધમકી આપી ફરીથી દુષ્કર્મ આચર્યું.

૨૩ ડિસેમ્બરની રાત્રે ત્રીજી વાર દુષ્કર્મ: ૨૩ ડિસેમ્બરની રાત્રે આરોપી ફરીથી આવ્યો અને કહ્યું કે તે તેના મોબાઈલમાંથી પોતાનો નંબર ડિલીટ કરવા આવ્યો છે. આ બહાને ઘરમાં ઘૂસી તેણે ત્રીજી વાર દુષ્કર્મ આચર્યું. તેણે ધમકી આપી કે જો આ વાત કોઈને કહીશ તો તેના પતિને જેલમાંથી છૂટવા નહીં દે.

૧લી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પીડિતાના પતિ જામીન પર છૂટીને આવ્યા હતા. ત્યારે આરોપી અહેસાને ઉલટા ચોર કોટવાળને દંડે તેમ, પતિને પીડિતા વિરુદ્ધ ચઢામણી કરી હતી. જેના કારણે પતિએ પત્ની સાથે ઝઘડો કરતા પીડિતા કલોલ પોતાના પિયર જતી રહી હતી. ત્યાં તબિયત લથડતા તેને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. અંતે હિંમત એકઠી કરી પીડિતાએ કડી પોલીસ સ્ટેશનમાં આરોપી અહેસાન લુહાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(ढ) સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.

હાલમાં કડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.પી. ચાવડા આ ગંભીર ગુનાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મહાત્મા મંદિરમાં કાર્યક્રમ બાદ ૫ ટન કચરો ખડકાયો, એજન્સીને દંડ કરાયો

ગાંધીનગર,

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન અને જર્મન ચાન્સેલરની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમના સમાપન બાદ ડેકોરેશનની સામગ્રી અને ફુલો સહિતનો કચરો મહાત્મા મંદિર પાસે જાહેરમાં ફેંકવા બદલ પ્રસ્ટ્ર દ્વારા ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ પ્રકારે જાહેરમાં કચરાનો અયોગ્ય નિકાલ કરવા બદલ ''દૃઅ છેદ્રિ'' નામની એજન્સી પાસેથી ૪૦ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

મહાત્મા મંદિર જેવા પ્રતિષ્ઠિત સ્થળે આયોજિત કાર્યક્રમમાં ઈવેન્ટ મેનેજમેન્ટની જવાબદારી સંભાળતી ''દૃઅ છેદ્રિ'' સંસ્થા દ્વારા ડેકોરેશનમાં વપરાયેલા સામાન અને ફૂલોના કચરાનો નિકાલ નિયમ મુજબ કરવાને બદલે બેદરકારીપૂર્વક કરવામાં આવ્યો હતો. આ બાબત કોર્પોરેશનના ધ્યાને આવતા, જાહેર સ્થળે ગંદકી ફેલાવવા અને સ્વચ્છતા વ્યવસ્થામાં વિક્ષેપ પાડવા બદલ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા.

એજન્સી દ્વારા આ પ્રકારે કુલ ૫ ટન જેટલો કચરો મહાપાલિકાની ટીમ દ્વારા સ્થળ પર જઈને કચરો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ પબ્લિક હેલ્થ બાયલોઝ મુજબ નિયમભંગ કરવા બદલ જવાબદાર એજન્સી પાસેથી દંડ વસૂલવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા સંબંધિત એજન્સીને કડક તાકીદ કરવામાં આવી છે કે ભવિષ્યમાં કોઈપણ કાર્યક્રમ દરમિયાન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા જાળવવી અનિવાર્ય છે.

# દહેગામ અશ્વમેઘ કોમ્પ્લેક્સમાં શોર્ટસર્કિટથી ધુમાડાના ગોટેગોટા ઉડયા

## કોમ્પ્લેક્સ ભયનો માહોલ ફેલાઈ ગયો સદનસીબે મોટી જાનહાનિ ટળી, GEB અને ફાયરની સમયસર કાર્યવાહી



ગાંધીનગર,

દહેગામ-અમદાવાદ રોડ પર નેહરુ ચોકડી પાસે આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્સમાં શોર્ટસર્કિટના કારણે ધુમાડાના ગોટેગોટે નીકળ્યા હતા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. સદનસીબે, મોટી જાનહાનિ ટળી હતી. કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર સીડીઓ નીચે લગાવેલા અનેક વીજ મીટરોમાં અચાનક શોર્ટસર્કિટ થયું હતું. જેના પરિણામે ભારે પ્રમાણમાં ધુમાડો નીકળવા લાગ્યો હતો. ધુમાડો એટલો ગાઢ હતો કે થોડી જ ક્ષણોમાં સમગ્ર કોમ્પ્લેક્સ અને આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

અશ્વમેઘ કોમ્પ્લેક્સને અડીને આવેલી કલ્પનાનગર સોસાયટીના રહીશોએ ધુમાડો જોઈને તરત જ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. કલ્પનાનગર સોસાયટીના ચેરમેન લીલાભાઈ રબારીએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને તાત્કાલિક ય્ઈમ્ દહેગામને જાણ કરી હતી. જાણ થતાં જ GEBના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તાત્કાલિક મુખ્ય વીજ પુરવઠો બંધ કરી દીધો હતો, જેનાથી આગ વધુ ફેલાતી અટકી હતી. દહેગામ નગરપાલિકાની ફાયર ટીમ પણ સમયસર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવી આગ લાગવાની શક્યતા સંપૂર્ણપણે દૂર કરી હતી.

આ કોમ્પ્લેક્સમાં ત્રણથી ચાર દવાખાના, દહેગામ LICની શાખા, ટ્યુશન ક્લાસ, લાઈબ્રેરી અને સ્ટડી સેન્ટરો આવેલા છે. સદનસીબે, ઉત્તરાયણની રજા હોવાથી કોમ્પ્લેક્સ બંધ હતું, જેના કારણે કોઈ જાનહાનિ થઈ નહોતી. સામાન્ય દિવસોમાં અહીં મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોય છે, તેથી જો આ ઘટના કાર્યદિવસે બની હોત તો મોટી જાનહાનિ થઈ શકત.

# માણસામાં કાકા-ભત્રીજાના દારૂના નેટવર્કનો પર્દાફાશ

## રસોડામાં ટાઈલ્સ નીચે ૧૦ ફૂટના ગુપ્ત ખાનામાંથી ૧૦.૩૭ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો, એક આરોપીની ધરપકડ



ગાંધીનગર,

માણસા પોલીસે શહેરના એક રહેણાંક મકાનમાં આવેલા ભોંયરામાંથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કુલ રૂ. ૧૦,૩૭,૫૮૫ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. માણસા પોલીસ સ્ટેશનને મળેલી બાતમી મુજબ, માણસા શહેરમાં પશુ દવાખાના પાસે રહેતો જીગ્નેશ રાવળ પોતાના મકાનમાં વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ રાખીને તેનું વેચાણ કરતો હતો. આ બાતમીના આધારે પોલીસને દરોડા દરમિયાન મકાનમાં આવેલા લોખંડના કબાટમાંથી અને ઘરની અંદર ખાસ બનાવેલા ભોંયરામાંથી વિદેશી દારૂની નાની-મોટી કાચની બોટલો તેમજ ૨૭૧૧ બિયરના કેન મળી આવ્યા હતા.

પોલીસે દારૂ-બિયરના જથ્થા ઉપરાંત ૨ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૦,૩૭,૫૮૫ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપી રાવળ જીગ્નેશને ઝડપી પાડ્યો હતો, જ્યારે અન્ય એક આરોપી સુરેશ ઉર્ફે જોજો રાવળ ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. માણસા પોલીસ ઝડપાયેલા આરોપીની પૂછપરછ કરી રહી છે અને ફરાર આરોપીને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે માણસા પીઆઇ રાકેશ ડામોરે કહ્યું કે, બાતમી મળી હતી કે જીગ્નેશ રાવળ અને સુરેશ ઉર્ફે જોજો કચરારાવળ ભાગીદારીમાં દારૂનો વેપાર કરે છે. પોલીસે જ્યારે જીગ્નેશ રાવળના ઘરે તપાસ કરી ત્યારે રસોડામાં વાસણ મૂકવાના ફર્નિચર નીચેની ટાઈલ્સ હટાવતા ત્યાં નીચે ૧૦/૧૦ ફૂટનું એક મોટું ગુપ્ત ખાનું બનાવેલું હતું, જેમાં દારૂના બોક્સ છુપાવવામાં આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી જીગ્નેશ જયંતિભાઈ રાવળ (ઉ.વ. ૨૯) ની ધરપકડ કરી છે, જ્યારે તેનો ભાગીદાર અને કાકા સુરેશ ઉર્ફે જોજો રાવળ પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો.

# રિજનલ વાઈબ્રન્ટ એક્ઝિબિશનમાં આઈ.ટી.આઈ.ના યુવાનોનો દબદબો: અકસ્માત નિવારતી 'ઈન્ટેલિજન્ટ એલર્ટ સિસ્ટમ' બની આકર્ષણનું કેન્દ્ર

## 'જોબ સીકર' નહીં, 'જોબ ગીવર' બનતો ગુજરાતનો યુવાનઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરતા ઉભરતા ઈનોવેટર્સ




## રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા મોડલઃ સુરેન્દ્રનગર આઈ.ટી.આઈ.ની ટીમે ટેકનોલોજીના માધ્યમથી રજૂ કર્યો સામાજિક સમસ્યાનો સ્માર્ટ ઉકેલ

રાજકોટ:

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ વર્ષ પહેલાં 'વાઈબ્રન્ટ ગુજરાત'ના જે બીજ રોપ્યા હતા, તે આજે એક વટવૃક્ષ બનીને રાજ્યના ખૂણે-ખૂણે પહોંચ્યું છે. વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારતજ૨૦૪૭'ના વિઝનને ગતિ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજકોટ ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ગુજરાતના યુવાનોની કૌશલ્ય શક્તિના દર્શન થઈ રહ્યા છે, જેમાં ખાસ કરીને સુરેન્દ્રનગર આઈ.ટી.આઈના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી 'ઈન્ટેલિજન્ટ વ્હીકલ એક્સિડન્ટ એલર્ટ એન્ડ નોટિફિકેશન સિસ્ટમ' રાજ્યની ટેકનિકલ ક્ષમતાનું ઉદાહરણ પૂરું પાડી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા 'સ્કિલ ઈન્ડિયા' અભિયાનને નવી ઊંચાઈ પર લઈ જવામાં આવી રહ્યું છે. રાજ્યના શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા આઈટીઆઈના તાલીમાર્થીઓને આધુનિક સંસાધનો પૂરા પાડવામાં આવતા હોવાથી આજે રાજ્યના યુવાનો સમાજની જટિલ સમસ્યાઓના સ્માર્ટ ઉકેલો લાવી રહ્યા છે. સુરેન્દ્રનગરના તાલીમાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલી આ સિસ્ટમ માર્ગ અકસ્માત સમયે 'ગોલ્ડન અવર'માં મદદ પહોંચાડવા અને ધુમ્મસ જેવા કારણોસર થતા 'ચેઈન અકસ્માતો' રોકવામાં પાયારૂપ સાબિત થશે.

આ પ્રોજેક્ટની કાર્યપદ્ધતિ વિશે માહિતી આપતા સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર શ્રી દિવ્યાંગ જે. શાહે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માત સમયે ઘણીવાર ધુમ્મસ કે ઓછા પ્રકાશને કારણે 'ચેઈન ઓફ એક્સિડન્ટ્સ' સર્જાતા હોય છે. આ સમસ્યાના ઉકેલ માટે તૈયાર કરાયેલી આ સિસ્ટમ અકસ્માત થતાંની સાથે જ ૫ કિમીની ત્રિજ્યામાં આવતા અન્ય વાહનોને ત્વરિત એલર્ટ મોકલે છે, જેથી પાછળ આવતા વાહનો સમયસર પોતાની ગતિ ધીમી કરી શકે અને સંભવિત ટક્કરને ટાળી શકાય. આ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ચૂક્યો છે.

આ પ્રોજેક્ટની સૌથી મહત્વની વિશેષતા તેની ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ છે. અકસ્માત સર્જાતા જ આ સિસ્ટમ અદ્યતન સેન્સર્સ અને GPS લોકેશનની મદદથી નજીકના પોલીસ સ્ટેશન, ૧૦૮ હોસ્પિટલ સેવા અને વાહન ચાલકના પરિવારજનોને ઓટોમેટિક મેસેજ મોકલી દે છે. સમયસર મળેલી આ જાણકારીથી ઘાયલ વ્યક્તિને 'ગોલ્ડન અવર'માં જ તબીબી સારવાર મળી રહે છે, જે હજારો માનવ જિંદગીઓ બચાવવામાં પાયારૂપ સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં શ્રી ડી.એમ. ચુડાસમા, શ્રી એન.એમ. બેલીમ અને તેમની સમગ્ર ટીમનો મહત્વનો ફાળો રહ્યો છે.

આઈટીઆઈના યુવા તાલીમાર્થીઓની આ ટેકનિકલ કુશળતાથી પ્રભાવિત થઈને શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પ્રોજેક્ટનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન નિહાળ્યું હતું. તેમણે આ ટીમને પોતાના નિવાસસ્થાને આમંત્રિત કરી વ્યક્તિગત અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનશ્રી જે રીતે યુવાશક્તિને દેશના વિકાસનું એન્જિન માને છે, તે જ દિશામાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના આઈટીઆઈના વિદ્યાર્થીઓ ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યા છે. ગુજરાત સરકાર રાજ્યના યુવાનોમાં રહેલી નવીનતા અને કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે અને આવા પ્રોજેક્ટ્સ 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરવામાં મદદરૂપ થશે.

રાજકોટના આ પ્રાદેશિક પ્રદર્શનમાં ૪૫૦થી વધુ સ્ટોલ્સ દ્વારા રાજ્યની ઔદ્યોગિક અને શૈક્ષણિક પ્રગતિનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'લોકલ ફોર વોકલ'ના મંત્રને સાર્થક કરતા આ એક્ઝિબિશનમાં સ્થાનિક સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સને ઉદ્યોગ જગત સાથે સીધું જોડાણ મળી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે આજે ગુજરાતનો યુવાન માત્ર નોકરી શોધનાર નહીં, પરંતુ ટેકનોલોજી અને ઈનોવેશન દ્વારા 'જોબ ગીવર' બનવા તરફ ડગ માંડી રહ્યો છે. આ એક્ઝિબિશન યુવા પેઢી માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહ્યું છે.

# રાજકોટ જિલ્લામાં એક વર્ષમાં રૂા.૨૨૧ કરોડની જમીન ખુલ્લુ કરતું કલેકટર તંત્ર



રાજકોટ:

રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂા.૨૨૧ કરોડની સરકારી જમીન પર ખડકાયેલા દબાણ હટાવવામાં આવેલ છે. આગામી સમયમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશ શરૂ રહેશે તેમ જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશએ જણાવ્યું હતું. કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું કે રાજકોટ સહિત જિલ્લામાં એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મીટર જમીન પરના દબાણો હટાવવામાં આવેલ છે. સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે કલેકટર કચેરીમાં પ્રતિ માસ આયોજીત થતી રેવન્યુ અધિકારીઓની બેઠકમાં પણ સમયાંતરે અધિકારીઓને તાકીદ કરવામાં આવી રહી છે. તે અંતર્ગત છેલ્લા એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મી. જમીન પર ખડકાયેલા દબાણો હટાવવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન પરના દબાણોના કારણે સરકારની વિવિધ વિકાસલક્ષી પ્રોજેપકટ અને જમીન ફાળવણી જેવી પ્રક્રિયાઓમાં અવરોધ ઉભો થતો હોય છે. જાહેર જનતાના હિતમાં કરવામાં આવતી કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તેવા હેતુથી દબાણ હટાવવાની કામગીરી તંત્ર માટે એક આવશ્યક મેન્ડેટ બની જવા પામી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણોને હટાવવા માટે તમામ જિલ્લાઓના કલેકટરોને આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના પૂર્વ કલેકટર પ્રભવ જોશીના સમયકાળમાં પણ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવી હતી. જે હાલના કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા આગળ ધપાવવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં એક વર્ષ દરમિયાન ૧૩,૧૨,૮૮૮ ચો.મીટર સરકારી જમીન પરથી કાચા- પાકા બાંધકામો અને કૃષિ વિષયક દબાણો હટાવવામાં આવેલ છે. જે આ જમીનની કિંમત રૂા.૨૨૧ કરોડ થવા જાય છે. આગામી સમયમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશને શરૂ રાખવામાં આવશે તેમ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.

# વાઈબ્રન્ટ સમીટમાં એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા પેવેલીયનમાં રન-વેની પ્રતિકૃતિનું આકર્ષણ



રાજકોટ:વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલ યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનમાં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (છછૈં)નું માર્ગદર્શક પેવેલિયન તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને વેગ આપવા માટે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની ઝલક છછૈં ના પેવેલિયનમાં મૂકવામાં આવી છે.યુવા પેઢી ભારતના એવિએશન ક્ષેત્રથી માહિતગાર થાય તેમ જ તેમાં રૂચી ધરાવતી થાય તે માટે ખાસ એવિએશનમાં કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ કરી રહ્યો છે. ખાસ કરીને એવિએશન ક્ષેત્રમાં જ્યાં ૨૦૧૪ માં માત્ર ૭૪ એરપોર્ટ કાર્યરત હતા જેની સંખ્યા ૨૦૨૫માં ૧૬૪ પર પહોંચી ગઈ છે અને પ્રધાનમંત્રીશ્રીના વિઝનને ધ્યાનમાં રાખીને ૨૦૪૭ સુધીમાં ૩૫૦-૪૦૦ એરપોર્ટના નિર્માણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દેશભરમાં એર કનેક્ટિવિટી વધારવાનું તેમજ સુલભ અને આધુનિક એરપોર્ટના સંચાલનનું મિશન ધરાવે છે.

આજની યુવા પેઢી ભારતનું ભવિષ્ય છે અને આ જ વાતને ધ્યાનમાં રાખીને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનમાં એવિએશનમાં ઉપલબ્ધ કારકિર્દીને લગતી સંભાવનાઓ વિષે યુવાઓ તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. એવિએશન ક્ષેત્રમાં રહેલાં ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓમાં રૂચી જાગે અને પ્રધાનમંત્રીશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં તેઓ પણ ભાગીદાર બને તેવા સંપૂર્ણ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પેવેલિયનમાં એરપોર્ટ જેવો જ માહોલ ઉભો કરવામાં આવ્યો છે.

એરપોર્ટની જેમ જ પેવેલિયનમાં રન-વેની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે. એટલું જ નહી વિદ્યાર્થીઓ માટે ખાસ ક્વિઝ અને સેલ્ફી પોઈન્ટ પણ રાખવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને મનોરંજન ઉપરાંત માહિતી પણ પૂરી પાડશે. આ ઉપરાંત એર ટ્રાફિક ક્ધટ્રોલ કે જે આકાશમાં વિમાનોનું સંચાલન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તેમની કામગીરી વિષે પણ માહિતી આપવામાં આવી રહી છે.તેના સિવાય પણ એવિએશન ક્ષેત્રના વિવિધ વિભાગો જેવા કે ફાયર, એન્જિનીયરીંગ, ફાયનાન્સ અને એચ.આર.માં રહેલી અનંત સંભાવનાઓ વિષે પણ યુવાઓ તથા વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવામાં આવી રહ્યું છે, તે ઉપરાંત આપણા ભારત દેશને એક કરવામાં જેમણે મહત્ત્વનો ફાળો આપ્યો એવા ભારતના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પણ મૂકવામાં આવી છે. હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ આગામી સમયમાં રાજકોટ, મોરબી, જામનગર સહીત સૌરાષ્ટ્ર -કચ્છના વેપાર ઉદ્યોગ માટે ખુબ જ મહત્વનું બની રહેશે. અહીં કાર્ગોની સુવિધાના કારણે પ્રોડક્ટ્સનું મોટાપાયે આવાગમન શક્ય બનશે તેમ ઓથોરિટીના પી.આર.ઓ. અજયસિંહ જાદુને જણાવ્યું છે. મારવાડી યુનિવર્સિટીમાં યોજાઈ રહેલા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝીબીશનના અંતિમ દિવસે વિદ્યાર્થીઓ, યુવાઓને કોર્પોરેટ કમ્યુનિકેશન્સ ડાયરેક્ટોરેટ ઈન્દ્રમોહન તેમજ અજયસિંહ જાદુએ માર્ગદર્શન આપ્યું હતું.

# ૨૭ જાન્યુઆરીથી ધ રાજકુમાર કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્કવેર પરિષદનું આયોજન



રાજકોટ:રાજકોટ, જાન્યુઆરી ૨૦૨૬: ધ રાજકુમાર કોલેજ (આર.કે.સી.), રાજકોટ ખાતે ૨૭થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્ક્વેર પરિષદનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પરિષદ ગુજરાત માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ઘટના છે, જેમાં ભારત તેમજ વિદેશની કુલ ૨૫ પ્રતિષ્ઠિત શાળાઓના ૨૩૬ પ્રતિનિધિઓ ભાગ લેશે. Maned Warriros Beyond Frontiers થીમ પર આધારિત આ પરિષદ ૧૦થી ૧૨ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે યોજાશે. પરિષદનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સંરક્ષણ અને વૈશ્વિક નાગરિકતાની ભાવનાનો વિકાસ કરવાનું છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓ ગીર નેશનલ પાર્કની મુલાકાત લઈ એશિયાઈ સિંહો અને માનવ-વન્યજીવન સહઅસ્તિત્વના સફળ મોડેલને નજીકથી સમજશે.

પરિષદ દરમિયાન ગીર સફારી, માર્ગદર્શિત શૈક્ષણિક પ્રવાસો, બારાઝા સત્રો અને ચર્ચાઓ યોજાશે. વન વિભાગના સહયોગથી વિદ્યાર્થીઓને જૈવ વૈવિધ્યતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે પ્રત્યક્ષ અનુભવ મળશે. આ પરિષદને ગીર વન વિભાગ તથા ગુજરાત રાજ્યના માનનીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો સહયોગ પ્રાપ્ત છે.

આ અવસરે આર.કે.સી.ના પ્રિન્સિપાલ શ્રી યશ સક્સેનાએ જણાવ્યું કે, ધ રાજકુમાર કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્ક્વેર પરિષદનું આયોજન રાજકોટ અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. આ પરિષદ દ્વારા વિદ્યાર્થીઓમાં સંરક્ષણ, સાહસ અને જવાબદાર વૈશ્વિક નાગરિક બનવાની ભાવના વિકસશે. ઉલ્લેખનીય છે કે ધ રાજકુમાર કોલેજ છેલ્લા ૧૬ વર્ષોથી રાઉન્ડ સ્ક્વેર મૂવમેન્ટ સાથે સંકળાયેલી છે. આ પરિષદ દ્વારા સંસ્થા વૈશ્વિક શિક્ષણ ક્ષેત્રે પોતાનું સ્થાન વધુ મજબૂત કરશે તેમજ એશિયાઈ સિંહોના સંરક્ષણ પ્રત્યે ગુજરાતની પ્રતિબદ્ધતાને ઉજાગર કરશે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર 'સ્માર્ટ ડિજિટલ લોકર' સુવિધા શરૂ

## રેલ્વેની આધુનિક 'સેલ્ફ-સર્વિસ' ક્લોક રૂમ સુવિધાઃ મુસાફરો માટે સુરક્ષિત, સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહ




રાજકોટ:મુસાફરોની સુવિધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝને રાજકોટ રેલ્વે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધાની શરૂઆત કરી છે. આ અત્યાધુનિક સુવિધા મુસાફરોને સુરક્ષિત, સંપૂર્ણ સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહની સુવિધા પૂરી પાડે છે.

આ સેવા ત્રણ વર્ષના કરાર હેઠળ શરૂ કરવામાં આવી છે અને ભારતીય રેલ્વે દ્વારા ટેકનોલોજી આધારિત મુસાફર સુવિધાઓને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક મોટું પગલું છે. આ ડિજિટલ લોકર સુવિધા રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર સ્થિત અપર ક્લાસ વેઈટિંગ હોલની નજીકના વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી છે, જેથી મુસાફરો માટે તેનો ઉપયોગ કરવો અત્યંત સરળ રહેશે.

રેલ્વે સ્ટાફ વગર સ્વયં સંચાલનની સુવિધા:

પરંપરાગત ક્લોક રૂમ પ્રણાલીથી વિપરીત, સ્માર્ટ ડિજિટલ લોકર સિસ્ટમ મુસાફરોને કોઈ પણ રેલ્વે કર્મચારીની મદદ વગર જાતે જ પોતાનો સામાન રાખવા અને મેળવવાની સુવિધા આપે છે.

૧) લોકર OTP અને QR કોડ આધારિત એક્સેસ પર કાર્ય કરે છે.૨) આ પ્રક્રિયા ઝડપી, સુરક્ષિત અને સંપૂર્ણપણે યુઝર-ફ્રેન્ડલી છે.૩) તમામ ચુકવણી ડિજિટલ અને કેશલેસ છે, જે પારદર્શિતા વધારે છે અને રોકડ વ્યવહારની જરૂરિયાત દૂર કરે છે.

ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક — દરેક મુસાફર માટે યોગ્ય:

આ નવી સુવિધા ખાસ કરીને એવા મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ થોડા કલાકો માટે રાજકોટ આવ્યા છે અને પોતાનો ભારે સામાન સ્ટેશન પર સુરક્ષિત મૂકીને શહેરની મુલાકાત લેવા માંગે છે. આ પહેલ મુસાફરોની સુવિધાઓને વધુ બહેતર બનાવશે.

રાજકોટ સ્ટેશન પર લોકર વપરાશ શુલ્ક (કદ અને સમય મુજબ):

લાર્જ લોકર : ૨૩.૬ (૧ કલાક), ૭૦.૮ (૩ કલાક), ૧૪૧.૬ (૬ કલાક), ૨૮૩.૨ (૧૨ કલાક), ૫૬૬.૪ (૨૪ કલાક)

એક્સ્ટ્રા-લાર્જ લોકર : ૩૫.૪ (૧ કલાક), ૧૦૬.૨ (૩ કલાક), ૨૧૨.૪ (૬ કલાક), ૪૨૪.૮ (૧૨ કલાક), ૮૪૯.૬ (૨૪ કલાક)

મુસાફરોની સુવિધા માટે દર પત્રક ડિજિટલ લોકર પર પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આવી જ 'સ્માર્ટ ડિજિટલ લોકર' સુવિધા તાજેતરમાં રાજકોટ ડિવિઝનના દ્વારકા અને જામનગર સ્ટેશન પર પણ શરૂ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે સતત કાર્યરત છે.

# રાજકોટમાં સી.આઈ.ડી. એન્ટી નાર્કોટિક્સ વિભાગનો પ્રારંભ




## નાર્કોટિક્સ ડ્રગ્સના કેસમાં ૧૦ વર્ષ સુધી જેલની જોગવાઈ, આરોપી વિરુદ્ધ કડક કામગીરી કરવા સૂચના આપતા પોલીસ કમિશનર

રાજકોટ:પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા ની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ રાજકોટ ઝોનમાં શરુ કરાયેલા સી.આઈ.ડી. એન્ટી નાર્કોટિક્સ વિભાગને રાજકોટ પોલીસ સાથે સંકલનમાં રહીને ગાંજો અને નાર્કોટિક્સ ડ્રગ્સના વધુને વધુ કેસ કરવા નિર્દેશ આપ્યા હતાં. પોલીસ કમિશ્નર શ્રી એ એન.ડી.પી.એસ. ના કેસમાં આરોપીને વધુમાં વધુ સજા મળે તે પ્રકારે કામગીરી કરવા પણ સૂચના આપી હતી.

અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડિયાએ પોલીસ વિભાગ તેમજ ખેતી વાડી વિભાગને સંયુક્ત રીતે ગાંજાની ખેતી ન થાય તે અંગે ગ્રામ્ય લોકો, ખેડૂતોમાં જનજાગૃતિ કરવા તાકીદ કરી હતી. અને શાળા કોલેજના પી.ટી. શિક્ષકો પણ વિદ્યાર્થીઓને ડ્રગ્સના દુષણથી દૂર રહેવા માર્ગદર્શન આપવા જણાવ્યું હતું.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. શ્રી જગદીશ બાંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરી અન્વયે શાળા, કોલેજમાં જનજગૃતિ કાર્યક્રમ અંગેની માહિતી આપી હતી. એસ.ઓ.જી. અને પોલીસ વિભાગ દ્વારા ગાંજા અને એમ.ડી. ડ્રગ્સના વેચાણ કરતા ૨ કેસમાં ૪ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ, શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૨૧ કેસમાં રૂ. ૨૪,૨૦૦ નો દંડ કરાયાનું જણાવ્યું હતું. ડ્રગ્સના વેચાણકર્તા હોય તેવા લોકો પર ૨૯૮ મેન્ટર કામગીરી કરી રહ્યા હોવાનું શ્રી બાંગરવાએ જણાવ્યું હતું. આ ઉપરાંત વન વિભાગ, મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ અને જનજાગૃતિ અંગે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ બેઠકમાં ઝોન–૨ ડી.સી.પી.શ્રી રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. શ્રી એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ. સાયન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, મહાનગર તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

# જંગલેશ્વરના આસામીઓની સ્પે.સીવીલ એપ્લીકેશન ફગાવતી ગુજરાત હાઈકોર્ટ

રાજકોટ:શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર ખડકાયેલા દબાણોને હટાવવા માટે કલેકટર તંત્રએ કાર્યવાહી શરૂ કરી આ પ્રકરણમાં આસામીઓ દ્વારા હાઈકોર્ટમાં સ્પે. ત્રણ સીવીલ એપ્લીકેશન દાખલ કરેલ જે પૈકીની બે સીવીલ એપ્લીકેશનને હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે તેમ કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.કલેકટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં સરકાર હસ્તકની જમીન પર કબજો જમાવી બેઠેલા આસામીઓને કલમ ૬૧ હેઠળ નોટિસ પાઠવવામાં આવી હતી. જેમાં પ્રથમ તબક્કાની નોટિસમાં ૧૩૫૮ આસામીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૩૯૦ આસામીઓએ મામલતદાર સમક્ષ પોતાના પઝેશન અને ઓક્યુપેશન અંગેના જવાબો રજૂ કર્યા છે.બાકી રહેલા ૯૬૮ આસામીઓએ કોઈ જવાબ ન આપતા તેમને બીજી તક રૂપે ફરી નોટિસ આપવામાં આવી હતી. બીજી નોટિસ બાદ વધુ ૫૭૮ આસામીઓએ પોતાના પક્ષ રજૂ કર્યા છે. તંત્રના જણાવ્યા અનુસાર, હજુ પણ અંદાજે ૩૯૦ જેટલા આસામીઓએ કોઈ પ્રતિસાદ આપ્યો નથી.આથી, તેમને ત્રીજી નોટિસ પાઠવીને પોતાનો પક્ષ રજૂ કરવાની અંતિમ તક આપવામાં આવી છે. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ આસામીઓને સાંભળવાનો અને જમીન પરના તેમના હક્ક અંગેની સ્પષ્ટતા મેળવવાનો છે.તમામ પક્ષોને સાંભળ્યા બાદ, જે આસામીઓ જમીન પર પોતાનો કાયદેસરનો હક્ક સાબિત કરવામાં નિષ્ફળ રહેશે, તેમને કલમ ૨૦૨ હેઠળ નોટિસ પાઠવીને દબાણ દૂર કરવાની અંતિમ કાર્યવાહી કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# અમેરિકાની બિઝનેસ પોલીસી સામે વિશ્વભરમા વિરોધ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેનેઝુએલાના તેલ ભંડાર પરના દાવા અને ત્યાંના પ્રમુખ નિકોલસ માદુરોની સત્તા પરથી હટાવવાની તાજેતરની ઘટનાઓએ સમગ્ર વિશ્વમાં રાજકીય ગરમાવો લાવી દીધો છે. અમેરિકાની તેલની તરસે અને લોકશાહીના નામે વેનેઝૂએલાના સાર્વભૌમત્વ પર આક્રમણ કર્યું છે. એ જરા પણ વ્યાજબી નથી. આંતરરાષ્ટ્રીય રાજનીતિની વિરુદ્ધનું આ પગલું છે છતાં અમેરિકાને કોઈ કહી શકે તેમ નથી કારણ કે તેના હાથમાં લશ્કરી પાવર છે સત્તા છે અને આક્રમકતા છે.વૈશ્વિક રાજકારણના મંચ પર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો 'અમેરિકા ફર્સ્ટ' અભિગમ હવે વધુ આક્રમક બન્યો છે. વેનેઝુએલામાં લશ્કરી દરમિયાનગીરી, પ્રમુખ માદુરોની ધરપકડ અને ત્યારબાદ વેનેઝુએલાના તેલ સંસાધનો પર અમેરિકાના 'અધિકાર'ની વાત કરવી એ ૨૧મી સદીના વિશ્વ રાજકારણમાં એક નવો અને વિવાદાસ્પદ વળાંક છે.વેનેઝુએલાનું સંકટ અને અમેરિકાની ભૂમિકા જાણવા જેવી છે.જાન્યુઆરી ૨૦૨૬ની શરૂઆતમાં જ અમેરિકી દળોએ વેનેઝુએલામાં ઓપરેશન હાથ ધરીને નિકોલસ માદુરોને પદભ્રષ્ટ કર્યા. ટ્રમ્પ વહીવટીતંત્રે આ કાર્યવાહીને લોકશાહીની પુન:સ્થાપના ગણાવી છે, પરંતુ તેમની પાછળનો મુખ્ય હેતુ વેનેઝુએલાના અખૂટ તેલ ભંડાર પર નિયંત્રણ મેળવવાનો હોવાનું સ્પષ્ટ જણાય છે. ટ્રમ્પે ખુલ્લેઆમ કહ્યું છે કે વેનેઝુએલાનું તેલ હવે અમેરિકાના નિયંત્રણમાં રહેશે અને તેનો ઉપયોગ અમેરિકી નાગરિકોના ફાયદા માટે થશે. આ નિવેદને આંતરરાષ્ટ્રીય સ્તરે સાર્વભૌમત્વના સિદ્ધાંતો સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કર્યા છે.વિશ્વના રાજકારણ પર અસરો મોટા પાયા પર પડી રહી છે.ટ્રમ્પના આ પગલાથી વિશ્વના રાજકારણમાં બે સ્પષ્ટ ભાગલા પડી ગયા છે: પહેલા ભાગમાં એવા દેશો છે કે જે માને છે કે અન્ય નાના દેશો ના સાર્વભૌમત્વનું જોખમ ઊભું થયું છે.કોઈપણ દેશના કુદરતી સંસાધનો પર તે દેશના નાગરિકોનો હક હોય છે. અમેરિકાની આ 'દાદાગીરી'થી નાના અને તેલ સમૃદ્ધ દેશોમાં ભયનો માહોલ છે. અને કારણે રશિયા અને ચીન સાથે તણાવ વધી જશે. કારણકે વેનેઝુએલામાં રશિયા અને ચીનનું મોટું રોકાણ છે. અમેરિકાના આ વર્ચસ્વથી આ બંને દેશો સાથે વોશિંગ્ટનના સંબંધો વધુ વણસી શકે છે, જે નવા શીત યુદ્ધ (Cold War) તરફ દોરી જશે.ઓઇલ સપ્લાય કરતા દેશો (OPEC) પર અસર પડી રહી છે.વેનેઝુએલા વિશ્વનો સૌથી મોટો સાબિત થયેલ તેલ ભંડાર ધરાવે છે. જો અમેરિકા આ તેલના પુરવઠાને બજારમાં મોટા પાયે ઠાલવે, તો કિંમતોમાં ઘટાડો વૈશ્વિક બજારમાં તેલના ભાવ ગગડી શકે છે. OPEC નું નબળું પડે એટલે સાઉદી અરેબિયા અને ઈરાન જેવા દેશો જે અત્યાર સુધી ઓઈલ માર્કેટ પર પકડ ધરાવતા હતા, તેમનું વર્ચસ્વ ઓછું થઈ શકે છે. વૈશ્વિક અર્થતંત્રમાં અસ્થિરતા આવતા તેલના ભાવોમાં અનિશ્ચિતતા ઊભી થશે.તેલની નિકાસ કરતા દેશોના બજેટને વેરવિખેર કરી શકે છે. ભારત પર તેની અસર પડી શકે છે. ભારત તેની તેલની જરૂરિયાતના ૮૫% થી વધુ નિકાસ દ્વારા પૂરી કરે છે, તેથી આ ઘટનાક્રમ ભારત માટે બેધારી તલવાર સમાન છે. આમાં ભારતને ફાયદો પણ થઈ શકે છે. જો અમેરિકાના નિયંત્રણ હેઠળ વેનેઝુએલાનું તેલ સસ્તું ઉપલબ્ધ થાય, તો ભારતનું 'ક્રૂડ ઓઈલ ઈમ્પોર્ટ બિલ' ઘટી શકે છે. તેનાથી દેશમાં મોંઘવારી ઘટશે અને અર્થતંત્રને વેગ મળશે.

# ભાવનગરનાં સમુદ્રની નહિ પણ આ બોરતળાવની તસ્વીર છે....



ફ્રાઈડે ફોટો સ્ટોરી - જતીન ડી. ઘેલાણી,

આ તસવીર જોઈને પહેલી દ્રષ્ટિએ એવું લાગે કે ભાવનગરનાં સમુદ્રમાં વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યા છે પણ અહીં તમે ખોટા છો. આ તસ્વીર આપણા બોરતળાવની છે જ્યાં લેવલ વિંગનાં વિદ્યાર્થીઓને તેમના લેવલની શિક્ષા એટલે કે તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે બોરતળાવ છલોછલ ભરાઈ ગયું હોય દરેક વ્યક્તિ અને જળચર જીવો માટે ખુબ અનુકૂળતા રહે છે. વહેલી સવારે લેવામાં આવેલ આ તસ્વીરમાં વિદ્યાર્થીઓને બોટિંગ માટેની તાલીમ તેમના શિક્ષક આપી રહ્યા છે તે જોઈને આપણને પણ ખરેખર આનંદ થાય છે કારણ કે આટલા સુંદર તળાવમાં બોટ ચાલતી રહે અને શક્ય છે કે ભવિષ્યમાં ભાવનગરનાં નાગરિકો માટે પણ બોટિંગની સુવિધા ઉપલબ્ધ થઈ રહે....

# કુશળ કર્મનું બંધન

**ગત અંકમાં નિશ્ચિત મતનો મર્મ સમજાવીને હવે ભગવાન કૃષ્ણ કુશળતાના બંધનથી દૂર રહેવાની ચાવી આપે છે, તે સમજીએ.**

ભગવદ્ગીતા માનવજીવન માટે શાશ્વત દિશાસૂચક ગ્રંથ છે. એમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન ત્રણેય માર્ગોની સમન્વિત અને સર્વોચ્ચ વ્યાખ્યા આપવામાં આવી છે. આ ત્રણેયનો સમન્વય યોગમાં કરીને ગીતા તેને જ મુખ્ય વિષય બનાવે છે. ગીતાના મર્મ અનુસાર, દરેક જીવ કર્મ કર્યા વિના રહી શકતો નથી. કર્મ કરવું જ પડે એ માનવીનો સ્વભાવ છે. પરંતુ એ કર્મ કરતી વખતે બંધન થવું કે મુક્તિ પ્રાપ્ત થવી એ કર્મના સ્વરૂપ અને વ્યક્તિના દૃષ્ટિકોણ પર આધારિત છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે નિષ્કામભાવથી, કુશળતા પૂર્વક અને નિયત કર્મ માનવને બંધનમાંથી છુટકારો અપાવે છે. કર્મ કરવું જ પડે, પરંતુ કર્મની વૃત્તિ જો અહંકારથી, સ્વાર્થથી કે ફળલોભથી કરવામાં આવે તો એ કર્મ સંસારના બંધનોમાં વધુને વધુ ફસાવે છે. પરંતુ એ જ કર્મ, જો સમતાભાવથી, નિરાહંકારત્વથી અને ભગવાનને સમર્પિત કરવાથી તો એ બંધનરૂપ ન રહી મુક્તિકારક બની જાય છે.ગીતા કહે છે યોગ: કર્મસુ કૌશલમ્?? એટલે કે કર્મમાં કુશળતા જ યોગ છે. અહીં કુશળતાનો અર્થ માત્ર હસ્તકૌશલ્ય કે બાહ્ય નિપુણતા નથી, પરંતુ કર્મ પાછળની અંતરદૃષ્ટિ, જ્ઞાન, પ્રભુ સમર્પણ અને સમતાભાવ છે. કુશળ કર્મ એટલે એવું કર્મ કે જે મનુષ્યના અંતર આત્માને શાંતિ આપે, સમાજમાં સુખ ફેલાવે અને પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન કરે. પણ જો આ કુશળતા લૌકિક પ્રાપ્તિ અને પદ્ધતિ સુધી સીમિત હશે તો અહંકાર અને બંધનનું કારણ બનશે.

માનવ પાસે જ્યારે કોઈ વિશેષ કુશળતા, પ્રતિભા કે ક્ષમતા હોય છે જેવી કે ભાષણ કરવાની, લખવાની, વ્યવહાર કરવાની, સંગીત વગાડવાની કે કોઈ કાર્ય ઝડપથી પૂરું કરવાની ત્યારે એને એ કુશળતાથી સંતોષ અને ગર્વ થવો સ્વાભાવિક છે. સમાજ પણ કુશળ વ્યક્તિને વખાણે છે, તેના કાર્યની પ્રશંસા કરે છે, અને એથી વ્યક્તિને આંતરિક આનંદ થાય છે. આ કુશળતાનું માન માણસ માટે આત્મવિશ્વાસ, પ્રેરણા અને લૌકિક પ્રગતિનું સાધન બની જાય છે.

પરંતુ ગીતા આપણને ચેતવણી આપે છે કે કુશળતા 'અહંકાર'માં ફેરવાય નહી તેનું ધ્યાન રાખવું પડે. પોતાની કુશળતા જો પ્રભુ કૃપા અને સમાજના કલ્યાણ માટે માની લેવાય, તો એ વિનમ્રતા તરફ દોરી જાય છે, પરંતુ પોતાની કુશળતાનું અતિશય અભિમાન વ્યક્તિને અન્યને નાની નજરે જોવાની વૃત્તિ તરફ લઈ જાય છે, જે અધોગતિનું કારણ બને છે.ઉદાહરણ તરીકે, એક શિક્ષક પોતાની સુંદર શિક્ષણ પદ્ધતિને કારણે વખાણ મેળવે છે. જો તે માનને પ્રેરણા બનાવીને વધુ સાં ભણાવે, તો એ શુભ છે. પરંતુ જો એ જ ભાવના તેને અહંકારી બનાવી દે કે મારા જેવો શિક્ષક બીજો નથી, તો એ કુશળતાનું માન બંધનરૂપ બની જાય છે.

**કરંટ ટોપિક**

પણ સાચી બુદ્ધિ એ છે કે આ પ્રશંસા કે પ્રોત્સાહન સેવા, સમર્પણ અને આત્મવિકાસ માટે વાપરવું. જ્યારે કુશળતા વિનમ્રતા સાથે જોડાય છે, ત્યારે એ વ્યક્તિને ઊંચો બનાવે છે, પરંતુ જ્યારે અહંકાર સાથે જોડાય છે, ત્યારે એ જ કુશળતા અધોગતિનું દ્વાર ખોલી દે છે.

કુશળ કર્મ કરતી વખતે અહંકાર અને બંધન ન થાય તે ગીતાની ચેતવણી છે. કુશળ કર્મ કરવું સારી બાબત છે પણ તેમાં ફળની આસક્તિ માણસને બાંધે છે. અપેક્ષાઓ, ઈચ્છાઓ અને સ્વાર્થ એ બધા કુશળ કર્મને બંધનરૂપ બનાવે છે. પરંતુ જ્યારે કુશળ કર્મને સાધના માનીને, ભગવાનને અર્પણરૂપે કરવામાં આવે ત્યારે તે કર્મ બાંધતું નથી.

આમ દરેક કર્મમાં સમતાભાવ. સુખ-દુ:ખ, સફળતા-અસફળતા, લાભ-હાનિ, જીત-હાર એ બધાને સમાન માનવી એ કુશળ કર્મયોગીની ઓળખ છે. ગીતા કહે છે કે 'સિદ્ધ?યસિદ્ધ?યો સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે.' કુશળ કર્મ એ છે કે જે દરેક પરિસ્થિતિમાં અડગ રહે, ભગવાનને આશરે રહીને પોતાના કર્તવ્યનું સત્યનિષ્ઠા પૂર્વક પાલન કરે.મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે આ પ્રકારનું કુશળ કર્મ બાંધતું નથી, પરંતુ મુક્તિ આપે છે. સ્વાર્થ અને આસક્તિવાળું કર્મ બંધનરૂપ છે, જ્યારે નિષ્કામ, સમર્પણપૂર્વક અને કુશળતા સાથે કરેલું કર્મ આત્મનિષ્ઠા અને પરમાત્માની ભક્તિ તરફ લઈ જાય છે. વૈરાગ્યની અને ધર્મની ખુમારી પ્રગટાવે છે.

જો આ રીતે સમજીએ તો કુશળ કર્મ માનવને બાંધતું નથી. એ કર્મ સ્વાર્થને નહી, પરંતુ સર્વહિતને પોષે છે. એ કર્મ વ્યક્તિને સંસારની ગાંઠોમાં નહી, પરંતુ પ્રભુના માર્ગ પર લઈ જાય છે.

# જીવનમાં સમ્યક ક્રોધ ને કામ જરૂરી છે, ઈર્ષ્યા કે નિંદાની જરૂર છે?

આપણે આપણા હૈયાને વૃંદાવન બનાવી લેવું જોઈએ. માનવ માટે અહીં કથાના દરવાજા ખુલ્લા છે. માનવ હોય, માનવ બનવા માંગતો હોય તે આવે. અમુક વાતો આપણે નિર્દંભપણે સ્વીકારવી જોઈએ. દંભમાં અને દંભમાં આટલા વર્ષો ન કાઢી નખાય! 'સમ્યક' શબ્દ વાપરું. જીવનમાં સમ્યક કામની જરૂરત છે.સમ્યક ક્રોધ ની જરૂરત છે. સમ્યક લોભ હોવો જોઈએ. નિષ્કામ બનો, તે પ્રવચનોમાં સારું લાગે. બોધમાં રહો, તેવું કહેનારાને શરીર પર માખી અડી જાય તો થપાટો મારે છે! ઉઘાડા શરીરે જે પૂજા કરતા હોય તે બોધમાં હોય પણ માખીને મારે છે! માખી પર જેને ખીજ ચઢે તે હિંસા કર્યા વિના રહી ન શકે.આયુર્વેદ કહે છે, શરીરમાં વાત,કફ અને પિત્ત ત્રણેયની જરૂર છે. કામ એ વાત છે, કફ એ લોભ છે. સમ્યક લોભ હોવો જોઈએ. ક્રોધ એ પિત્ત છે. પણ શરીરમાં પિત્તપ્રકોપ ન થાય તેનું ધ્યાન રાખવું.જ્યારે આપણા પ્રાણને આપણે બધામાં સમાયેલા જોતા રહીએ છીએ તો, સર્વત્ર સમદર્શનમ્. બધી જગ્યાએ, બધામાં પ્રભુ જ દેખાય છે. મારા પ્રાણ સર્વમાં છે. જેમ કોઈ સંદેશાવાહક આપણને જાણ કરે, એમ એવી સ્થિતિ આવે કે પ્રાણ આપણને ખબર કરે કે હવે ઓળખાણ પાક્કી થઈ ગઈ છે કે બધામાં સકલ મારી જ છે. આ આંખો ધોખો દઈ શકે છે પણ પ્રાણ જાણ કરી દે કે તમારે નામ આ સંદેશો છે. અને તમારી જે ચેતનાની સકલ છે, તે બધામાં છે.સર્વત્ર સમદર્શનમ્; ત્યારે બધામાં હરિદર્શન થશે. અને ભગવાન જ્યારે બધામાં દેખાય તો પછી વાત બની ગઈ.

મનુસ્મૃતિમાં પાઠ છે, બિલકુલ ગીતાનો પાઠ છે. ભાવ એ છે-બધામાં હરિદર્શન. ગીતા કહે છે, સમવર્તી નહીં, સમદર્શી બનો. જીવન એવી અવસ્થા થઈ જાય. ગણેશની પૂજા હોય, અને કળશમાં આવાહન કરો તો જોનારા જોઈ શકે કે ગણેશમાં પણ ચાંદી છે અને સિક્કામાં પણ ચાંદી છે. સર્વત્ર સમદર્શનમ્-બધી જગ્યાએ હરિ દેખાય છે.

નિજ પ્રભુમય દેખહિ જગ, કેહિ સન કરહિ બિરોધ

સુનુ ખગેશ નહિ કછુ રિષિ દૂષન, ઉર પ્રેરક રઘુબંસ બિભુષન

કાગભુશુંડિજી કહે છે કે મારા ગુરુએ મને શ્રાપ આપ્યો, હવે મને ક્યાંય વિરોધ નથી રહ્યો. હવે બધામાં હરિદર્શન



કરૂં છું. આ બે સ્થિતિ થઈ જાય તો બધામાં પ્રભુ દેખાય. અને બધામાં પ્રભુ દેખાય તો ઘણી ઝંઝટો ઓછી થઈ જાય. એટલે અંતિમ સૂત્રમાં આવે છે કે આવું થાય ત્યારે 'શિવતુલ્યો જાયતે' માણસ શિવતુલ્ય બની જાય છે. ચિદાનંદ રૂપ: શિવોહમ્?? શિવોહમ્. માણસ ખુદ શિવતુલ્ય થઈ જાય છે.

**વિશેષ**

શાસ્ત્રમાં આઠ પાશ બતાવ્યાં છે. આ પાશને કારણે જીવ બંધાય છે.ઘણા, શોકં, ભયં, લજ્જા, જુગુપ્સા, ચેતિ પચ્ચમી

કુલં, શીલં ચ જાતિશ્ચ ઈતિ અષ્ટૌ પાશા:આ બધામાં જીવ બંધાયેલો છે, અને પાશમાંથી મુક્ત થાય તો શિવ છે. આ આઠ બંધનમાં છે તે જીવ છે અને તેમાંથી મુક્ત થયેલો સદા શિવ છે.ઘૃણા-તિરસ્કાર, નફરત, કુભાવ. આ પહેલું બંધન છે. કોઈના પ્રતિ ઘૃણા નહિ. હવે મને બધામાં એ દેખાઈ રહ્યો છે. જ્યારે સમદર્શન થાય ત્યારે એ ઘટના ઘટે, એ પહેલાં નથી થઈ શકતી. તમે બીજા પર તિરસ્કાર, ઘૃણા કરો તો એ તમારા પોતાના પર જ ઘૃણા કરો છો. એ બીજો તો મસ્તીમાં છે, પણ તમારા ચહેરાને દર્પણમાં જોજો, તમે તમારી હત્યા જાતે કરી રહ્યા છો!

અનુભવ કરજો, નહીં તો આ શિવસૂત્ર તમારે માટે બોજ બની જશે, એ ફૂલ બનવાં જોઈએ. તમે બંધનમાં જઈ રહ્યાં છો. જે ઘૃણા કે ઈર્ષ્યા કરે છે એની આંખમાં જ જણાઈ આવે છે. કથા સાંભળો છો તો કૃપયા કોઈના પ્રતિ દુર્ભાવ ન કરો. ઘૃણા નહીં કરો ! કોઈની ન કરો! તમને અધિકાર પણ નથી. તમે અન્યાય કરી રહ્યા છો! સંવિધાનથી વિરુદ્ધ જઈ રહ્યાં છો.ભારતીય ઋષિઓનું જે સંવિધાન છે. સંકલ્પ કરો કે હે ભગવાન! અમને કોઈના પ્રતિ દુર્ભાવ ન થાય. જ્યારે તમારામાં અહંકાર, યા કોઈના પ્રતિ રોષ આવે, કૃપા કરીને ખિસ્સામાં દર્પણ રાખો ને તમારો ચહેરો જુઓ! જ્યારે કોઈના પ્રતિ રોષ હોય,ત્યારે તમારો ચહેરો તમારો નથી હતો. તમારી ભ્રમરો ચઢેલી હશે, જાણે શયતાન તમારા પર સવાર થઈ ગયો! તમે ઋષિબાળક મટી ગયા, રાક્ષસ બાળક બની ગયા.તમે વેદના સંતાન મટી ગયા, એક વેદના તમે ઊભી કરી દીધી; અકારણ-બેકાર. ઘૃણા પ્રથમ બંધન છે. શોકમ્-શોકવૃત્તિ જીવનું બંધન છે. કોઈને કોઈ જાતનો શોક થાય ત્યારે આપણે બંધનમાં આવીએ છીએ. શિવ હોય તેને કોઈ શોક હોતો નથી. નાની મોટી વાતોમાં શોક આપણને બાંધે છે.તો મારા શ્રોતા ભાઈ બહેનો, કામ, ક્રોધ અને લોભ સમ્યક રીતે આપણા જીવનમાં જરૂરી છે, પરંતુ હું પૂછું છું કે ઈર્ષા, નિંદા અને દ્વેષની ક્યાંય જરૂર છે ખરી? આ ત્રણની જરાય જરૂર નથી. જ્યાં સુધી મારી સભાનતા છે ત્યાં સુધી હું કોઈની ઈર્ષા, નિંદા કે દ્વેષ કરું તે દિવસે હું વ્યાસપીઠ છોડી દઈશ કે હું આને લાયક નથી. મારી આંખમાં તમે ઈર્ષા જોઈ જાઓ, મારા વચનમાં તમને નિંદા દેખાય તો કહેજો.. વિનોદ કરીએ એ વાત જુદી છે.નિદાન કરીએ એ વાત જુદી છે, પણ નિંદા નહી. અને દ્વેષ કોઈનો ન કરીએ. સૌની પોતાની ઉડાન છે. આકાશ આટલું મોટું છે, ઊડયા કરો ને! એકબીજાની હરીફાઈ શું કામ કરો છો? અહીં તો મચ્છર પણ ઉડે અને ગડ પણ ઉડે. આનો અંત કોઈ નથી પામવાનું. પણ સમક્ષેત્રમાં બધાને એકબીજાની ઈર્ષા, નિંદા અને દ્વેષ કરવા છે, આનો અર્થ માણસ કામે, ક્રોધી, લોભી બની જાય એ અર્થમાં હું નથી કહેતો. પરંતુ ઈર્ષા, નિંદા અને દ્વેષની જરૂર છે જ નહી. કંઈ બગડતું નથી જો આ ત્રણ ન કરીએ તો. ઊલટાના સાજા થઈ જશો જો આ ત્રણમાંથી નીકળશો તો. જેને માનવ બનવું હોય તેણે આ ત્રણ વસ્તુ કાઢવી.

# ડિજિટલ સંસ્કૃતિ માટે નવું વર્ષ કેવું રહેશે?

૨૦૨૬નું વર્ષ ભારત માટે ડિજિટલ સંસ્કૃતિનો એક નિર્ણાયક વળાંક સાબિત થશે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ૨૦૨૬માં તે સંસ્કૃતિના નિર્માણ, પુનઃવ્યાખ્યા અને અનુભવ માટેનું પ્રમુખ મંચ બનતું જોવા મળવાનું છે. કારણ કે સંસ્કૃતિ હવે માત્ર મંચ પર જ નહી સ્ક્રીન પર પણ તેની હાજરી મજબૂત બનાવશે.

વર્ષ ૨૦૨૬માં ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી ઓળખાણ એ હશે કે તે ભૌતિક અને ડિજિટલ બંને દુનિયામાં સમાન રીતે તેની હાજરી નોંધાવશે. શાસ્ત્રીય નૃત્ય, લોક સંગીત, કથકલી, યક્ષગાન, પંડવાણી જેવા કલા સ્વરૂપ હવે ફક્ત ઓડિટોરિયમમાં જ જીવંત થતા નહી જોવા મળે પરંતુ લાઈવ-સ્ટ્રીમ, રેકોર્ડેડ પરફોર્મન્સ અને શોર્ટ વીડિયોના માધ્યમથી આ કલાઓ ભારતના ખૂણેખૂણા સુધી પહોંચશે.

'ડિજિટલ લોકસંસ્કૃતિ' જન્મ લેશે

વર્ષ ૨૦૨૬માં લોકગીતો, પ્રાદેશિક બોલીઓ, પરંપરાગત કહેવતો, રીત-રિવાજોની રીલ્સ, પોડકાસ્ટ અને માઈક્રો ડોક્યુમેન્ટ્રી સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરશે. આ વર્ષે ભોજપુરી, અવધી, બ્રજ, બુંદેલી, મૈથિલી અને સંથાલી જેવી ભાષાઓ ડિજિટલ સ્પેસમાં મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને પડકારતી જોવા મળશે. હકીકતમાં આ લોકસંસ્કૃતિનું ડિજિટલ સ્વરૂપ હશે.

હેરિટેજ સ્થળો વર્ચ્યુઅલી આકર્ષશે

આ વર્ષે ભારતીય સંસ્કૃતિનો એક મોટો ભાગ વર્ચ્યુઅલ ટુરિઝમનો હિસ્સો બનશે. કોઈપણ વ્યક્તિ દેશનાં પ્રખ્યાત મંદિરો, ઐતિહાસિક સ્થળો અને સંગ્રહાલયોની મુલાકાત લઈને જ નહી પરંતુ મોબાઈલ અને સ્માર્ટફોનના માધ્યમથી ઈતિહાસનો આબેહૂબ અનુભવ કરશે. શાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં ઈતિહાસ અને સંસ્કૃતિનું શિક્ષણ ઈમ્પલસિવ એક્સપીરિયન્સના રૂપમાં મળશે. એટલે કે હવે જ્ઞાન અને અભ્યાસનું માધ્યમ માત્ર પુસ્તકો પૂરતું જ સીમિત નહી રહે. આ પરિવર્તન માત્ર સંસ્કૃતિના સ્વરૂપને જ નહી બદલે પરંતુ અનુભવ કરવાના અહેસાસમાં પણ પરિવર્તન



લાવશે. આ વર્ષે એઆઈ આધારિત સંગીત રચનાઓમાં ભારતીય રાગોનો શુદ્ધ ઉપયોગ જોવા મળશે.ડિજિટલ આર્ટમાં પૌરાણિક કથાઓ અને લોકકથાઓની નવી વ્યાખ્યાઓ જોવા અને સાંભળવા મળશે. જૂની હસ્તપ્રતોનું ડિજિટલીકરણ અને પુનઃવાંચન શક્ય બનશે. આ રીતે પરંપરા હવે વારસાની વસ્તુ નહી પરંતુ સતત વિકસતી અસાધારણ ઘટના સાબિત થશે.

સર્જકો અને ઉપભોક્તાના સંબંધો બદલાશે

અત્યાર સુધી એક વર્ગ સંસ્કૃતિનો સર્જક અને બીજો વર્ગ તેનો ઉપભોક્તા રહ્યો છે, પરંતુ ડિજિટલ સંસ્કૃતિનું કાર્ય આ પરંપરાગત સમીકરણોને બદલી નાખશે. હવે ડિજિટલ સંસ્કૃતિમાં નિર્માતા અને ઉપભોક્તા બે જુદીજુદી દુનિયાના લોકો નહીં હોય. ખાસ કરીને ૨૦૨૬માં આપણા મિલેનિયલ્સ અને ઝેન ઝી યુવાનો માત્ર ઉપભોક્તા જ નહી હોય પરંતુ તેઓ આ ડિજિટલ સંસ્કૃતિના સર્જક પણ બનશે.ફેશનમાં પરંપરાગત પેટર્નનું ડિજિટલ રિમિક્સ હશે. સંગીતમાં લોક અને ઈલેક્ટ્રોનિકનું ફ્યૂઝન હશે. વાર્તા કહેવાની પરંપરામાં પૌરાણિક કથાઓનું આધુનિક વર્ણન વિકસશે. એકંદરે નવી પેઢી હવે સંસ્કૃતિને વારસા તરીકે નહી પરંતુ સર્જનાત્મક ઓળખ તરીકે જોશે.

# હરમનપ્રીત કૌરે ડબ્લ્યુપીએલમાં બેટથી મોટી સિદ્ધિ હાંસલ કરી, ફિફ્ટી ફટકારીને નંબર ૧ સ્થાન મેળવ્યું



મુંબઈ,

મહિલા પ્રીમિયર લીગની ચોથી સીઝનમાં અત્યાર સુધી કુલ ૭ મેચ રમાઈ છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સની મહિલા ટીમે ત્રણ જીતી છે અને એક હારી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન હરમનપ્રીત કૌરે અત્યાર સુધી ત્રણેય મેચમાં બેટથી અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. ૧૩ જાન્યુઆરીના રોજ ગુજરાત જાયન્ટ્સ સામેની મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સ સામે ૧૯૩ રનનો લક્ષ્યાંક હતો, જે તેમણે ૧૯.૨ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો. હરમનપ્રીત કૌરના ૪૩ બોલમાં અણનમ ૭૧ રન એક નોંધપાત્ર સિદ્ધિ હતી.

હરમનપ્રીત કૌર હવે ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં સૌથી વધુ ફિફ્ટી પ્લસ ઈનિંગ્સ રમનારી ખેલાડી બની ગઈ છે. તેણીએ આ સંદર્ભમાં મેગ લેનિંગ અને નતાલી સાયવર બ્રન્ટને પાછળ છોડી દીધા. હરમનપ્રીત કૌરે ગુજરાત જાયન્ટ્સ સામે પોતાની ફિફ્ટી પૂર્ણ કરતાની સાથે જ,ડબ્લ્યુપીએલમાં તેની ૧૦મી ફિફ્ટી પ્લસ ઈનિંગ્સ હતી, જેમાં તેણીએ મેગ લેનિંગ અને નતાલી સાયવર બ્રન્ટના ૯ ફિફ્ટી પ્લસ સ્કોરના રેકોર્ડને પાછળ છોડી દીધો અને નંબર-૧ સ્થાન મેળવ્યું. હરમનપ્રીત કૌરે ડબ્લ્યુપીએલના ઈતિહાસમાં અત્યાર સુધી કુલ ૩૦ મેચ રમી છે, જેમાં તેણીને ૨૯ ઈનિંગ્સમાં બેટિંગ કરવાની તક મળી છે. આ સમયગાળા દરમિયાન, હરમનપ્રીતે ૪૬.૧૮ ની સરેરાશથી ૧૦૧૬ રન બનાવ્યા છે અને ૧૦ પચાસથી વધુ ઈનિંગ્સ રમી છે, જેમાં એક મેચમાં તેનો શ્રેષ્ઠ સ્કોર ૯૫ રનનો અણનમ ઈનિંગ્સ છે.ડબ્લ્યુપીએલમાં સૌથી વધુ પચાસથી વધુ ઈનિંગ્સ ધરાવતી ખેલાડીઓ,હરમનપ્રીત કૌર - ૧૦ પચાસથી વધુ ઈનિંગ્સ,મેગ લેનિંગ - ૯ પચાસથી વધુ ઈનિંગ્સ,નેટલી સાયવર બ્રન્ટ - ૯ પચાસથી વધુ ઈનિંગ્સ,એલિસ પેરી - ૮ પચાસથી વધુ ઈનિંગ્સ,એશ્લે ગાર્ડનર - ૬ પચાસથી વધુ ઈનિંગ્સ,શેફાલી વર્મા - ૬ પચાસથી વધુ ઈનિંગ્સ,હરમનપ્રીત કૌરે ડબ્લ્યુપીએલની ચોથી સિઝનમાં બેટથી અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, ૭ મેચ પછી સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓની યાદીમાં આગળ છે. હરમનપ્રીત કૌર ત્રણ મેચમાં ફક્ત એક જ વાર આઉટ થઈ છે, તેણે ૧૬૫ ની સરેરાશથી ૧૬૫ રન બનાવ્યા છે, જેમાં બે અડધી સદી અને ૧૬૧.૭૬ ના સ્ટ્રાઈક રેટનો સમાવેશ થાય છે. મુંબઈ ઈન્ડિયન્સ હાલમાં ત્રણ મેચમાંથી બે જીત બાદ ચાર પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે, જેનો નેટ રન રેટ ૦.૯૦૧ છે, અને તેનો આગામી મુકાબલો ૧૫ જાન્યુઆરીએ યુપી વોરિયર્સ સામે છે.

# ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસને બિગ બેશ લીગમાં બેટિંગ કરતી વખતે જમણા અંગૂઠામાં ઈજા થઈ



સિડની,

ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાનારા આગામી ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયાનો તણાવ ચોક્કસપણે વધી ગયો છે, જેમાં તેમના સ્ટાર ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસની ઈજાના સમાચાર છે. સ્ટોઈનિસ હાલમાં ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી ફ્રેન્ચાઈઝ આધારિત ટી૨૦ લીગ, બિગ બેશ લીગમાં મેલબોર્ન સ્ટાર્સ તરફથી રમી રહ્યો છે. ૧૩ જાન્યુઆરીએ એડિલેડ સ્ટ્રાઈકર્સ સામેની મેચમાં બેટિંગ કરતી વખતે તેને જમણા અંગૂઠામાં ઈજા થઈ હતી. સ્ટોઈનિસ તરત જ રિટાયર્ડ હર્ટ થઈ ગયો અને પેવેલિયન પાછો ફર્યો. હવે, આગામી ટી૨૦ વર્લ્ડ કપ પહેલા તેની ઈજાએ ઓસ્ટ્રેલિયન ટીમની ચિંતાઓમાં વધારો કર્યો છે.એડિલેડ સ્ટ્રાઈકર્સ સામેની મેચ પછી માર્કસ સ્ટોઈનિસે પોતાની ઈજા અંગે એક નિવેદનમાં કહ્યું, "મને લાગે છે કે સ્કેન પછી પરિસ્થિતિનો સંપૂર્ણ વિસ્તાર સ્પષ્ટ થશે, પરંતુ હાલમાં હું ઠીક છું. બોલ મને વાગ્યાના ૧૦ સેકન્ડ પછી મને તે લાગ્યું, અને તે સમયે વધુ જોખમ લેવાનું યોગ્ય નહોતું. મને નથી લાગતું કે તે ગંભીર ઈજા છે, પરંતુ હું અત્યારે કોઈ જોખમ લેવા માંગતો નથી. હું ચોક્કસપણે કહી શકું છું કે હું ટી૨૦ વર્લ્ડ કપની સાથે બિગ બેશ લીગની ફાઈનલ પણ રમીશ." ક્રિકેટ ઓસ્ટ્રેલિયા માર્કસ સ્ટોઈનિસની ઈજા પર નજીકથી નજર રાખી રહ્યું છે, કારણ કે વર્લ્ડ કપ માટેની ઓસ્ટ્રેલિયન ટીમમાં પહેલાથી જ બે ખેલાડીઓ, પેટ કમિન્સ અને ટિમ ડેવિડનો સમાવેશ થાય છે, જેમની ફિટનેસ હાલમાં પ્રશ્નાર્થમાં છે.

# ૨૦૨૫-૨૬નો એશિઝ પ્રવાસ ઈંગ્લેન્ડ માટે દુઃસ્વપ્ન સાબિત થયો, જેમાં ૪-૧થી હારનો સામનો કરવો પડ્યો



નવીદિલ્હી,

ઈંગ્લેન્ડની ટીમે તાજેતરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ પૂર્ણ કર્યો હતો, જ્યાં તેઓ ૨૦૨૫-૨૬ એશિઝ શ્રેણી રમવાના હતા. આ પ્રવાસમાં રમાયેલી પાંચ ટેસ્ટ મેચમાંથી, ઈંગ્લેન્ડ ચાર હારી ગયું અને માત્ર એક જીત્યું. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે ૨૦૨૯-૩૦ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં તેઓ આગામી ટેસ્ટ શ્રેણીમાં ગુલાબી બોલથી ટેસ્ટ મેચ રમવાનું ટાળવાનો ઈરાદો ધરાવે છે.

ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધી વિશ્વ ક્રિકેટમાં ગુલાબી બોલથી સૌથી વધુ મેચ રમી છે, અને તેમનું વર્ચસ્વ સ્પષ્ટ થયું છે. બીબીસી સ્પોર્ટના અહેવાલ મુજબ, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે શ્રેણી સમાપ્ત થયા પછી વરિષ્ઠ અધિકારીઓ સાથેની આગામી બેઠકમાં ગુલાબી બોલથી ટેસ્ટ મેચ ન રમવાના તેમના નિર્ણયની જાણ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને કરી હતી. ૨૦૨૫-૨૬ એશિઝમાં, બ્રિસ્બેનના ગાબા સ્ટેડિયમમાં ગુલાબી બોલથી ટેસ્ટ મેચ રમાઈ હતી, જ્યાં ઈંગ્લેન્ડને એકતરફી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારથી, ડે-નાઈટ ટેસ્ટ મેચ ન રમવા અંગે ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. ઈઝમ એ સ્પષ્ટતા કરી છે કે તે માનતું નથી કે આ ફોર્મેટમાં ગુલાબી બોલથી ટેસ્ટ મેચનો સમાવેશ કરવાની જરૂર છે.

જ્યારે ઈસીબી તેના આગામી ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર ગુલાબી બોલ ટેસ્ટ રમવા માંગતું નથી, ત્યારે ૨૦૨૭ માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ગુલાબી બોલ ટેસ્ટ મેચ રમવાનું નક્કી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ઓગસ્ટ ૨૦૨૪ માં આ જાહેરાત કરી હતી. આ મેચ અંગે, એક ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડીએ બીબીસી સ્પોર્ટને જણાવ્યું હતું કે તેઓ વ્યક્તિગત રીતે માને છે કે આ મેચ પરંપરાગત ટેસ્ટ ક્રિકેટની જેમ લાલ બોલથી રમવી જોઈએ, અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેના નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

# શું યુઝવેન્દ્ર ચહલ રિયાલિટી શોમાં ધનશ્રી વર્મા સાથે ફરી જોડાશે? ક્રિકેટરે પોતે સત્ય જાહેર કર્યું



મુંબઈ,

ક્રિકેટરે પોતે જ યુઝવેન્દ્ર ચહલ અને તેની ભૂતપૂર્વ પત્ની ધનશ્રી વર્મા આગામી રિયાલિટી શોમાં સાથે દેખાવા અંગે ચાલી રહેલી અટકળોનો અંત લાવી દીધો છે. તાજેતરમાં, એવા અહેવાલો સામે આવ્યા હતા કે ચહલ ધનશ્રી સાથે ઓન-સ્ક્રીન વાપસી કરતી વખતે રિયાલિટી શો "ધ ૫૦" માં ભાગ લઈ શકે છે. આ સંભવિત પુનઃમિલનથી ચાહકોમાં ભારે ચર્ચા જાગી છે. જોકે, ચહલે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા આ અહેવાલોને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા હતા. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમનો કોઈ રિયાલિટી શો સાથે કોઈ સંબંધ નથી, કે ન તો આવી કોઈ વાતચીત કે પ્રતિબદ્ધતા થઈ છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "યુઝવેન્દ્ર ચહલ કોઈપણ રિયાલિટી શોમાં ભાગ લઈ રહ્યા છે તે અંગે ફરતા અહેવાલોમાં કોઈ સત્ય નથી. આ બધા દાવાઓ માત્ર અટકળો અને ખોટા છે." તેમાં વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ચહલનો તાજેતરના અહેવાલોમાં ઉલ્લેખિત શો સાથે કોઈ સંબંધ નથી, અને મીડિયા અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓને અપ્રમાણિત માહિતી શેર ન કરવા વિનંતી કરી છે.ધનશ્રી વર્માએ હજુ સુધી આ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. ફિલ્મ નિર્માતા ફરાહ ખાન દ્વારા હોસ્ટ કરાયેલ રિયાલિટી શો "ધ ૫૦" ૧ ફેબ્રુઆરીએ પ્રીમિયર થવાનો છે. ફરાહના મતે, આ શો ભારતીય રિયાલિટી ટીવીના જૂના પેટર્નને તોડવાનો પ્રયાસ કરશે.ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલે ડિસેમ્બર ૨૦૨૦ માં ગુરુગ્રામમાં લગ્ન કર્યા હતા. તેઓ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મળ્યા હતા, જ્યારે ચહલે ધનશ્રી પાસેથી નૃત્યના પાઠ લેવાનું શરૂ કર્યું હતું. જોકે, તેઓ જૂન ૨૦૨૨ માં અલગ થયા અને માર્ચ ૨૦૨૪ માં સત્તાવાર રીતે છૂટાછેડા લીધા.છૂટાછેડા પછી, ચહલ દુબઈમાં આરજે મહવશ સાથે ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલનો આનંદ માણતો જોવા મળ્યો હતો, જેનાથી તેમના સંબંધો વિશે અટકળો શરૂ થઈ હતી.

# ૫૫૯ કરોડની મિલકત વેચનાર જીતેન્દ્રની કુલ સંપત્તિ ૧૬ અબજ છે, પુત્ર તુષાર કપૂર પણ પાછળ નથી



મુંબઈ,

બોલીવુડના દિગ્ગજ અભિનેતા જીતેન્દ્ર અને તેમના પુત્ર તુષાર કપૂરે મુંબઈમાં તેમની એક કોમર્શિયલ મિલકત જાપાનના એનટીટી ગ્રુપના એકમને ૫૫૯ કરોડમાં વેચી દીધી છે. અહેવાલો અનુસાર, અભિનેતાની કુલ સંપત્તિ ૧,૫૦૦ થી ૧,૬૦૦ કરોડની વચ્ચે છે. તેમનો પુત્ર, તુષાર, એક અભિનેતા છે, અને તેમની પુત્રી, એકતા કપૂર, એક પ્રખ્યાત ટીવી નિર્માતા છે. તુષારની કુલ સંપત્તિ ૯૦ થી ૧૦૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. એકતા પાસે પણ ૧૧૫ કરોડની કુલ સંપત્તિ છે.રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ સ્ક્વેર યાર્ડ્સ દ્વારા શેર કરાયેલા નોંધણી દસ્તાવેજો અનુસાર, એનટીટી ગ્લોબલ ડેટા સેન્ટર્સે તુષાર ઈન્ફ્રા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી બાલાજી આઈટી પાર્કમાં ૫૫૯.૨૪ કરોડમાં ૩૦,૧૯૫ ચોરસ મીટરથી વધુ જગ્યા ખરીદી હતી. તુષાર ઈન્ફ્રા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ તુષાર કપૂર અને જીતેન્દ્રની માલિકીની છે. નોંધણી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ કરવામાં આવી હતી.દસ્તાવેજો અનુસાર, આમાં ૧૦ માળની ઈમારત,ડીસી-૧૦" ની ખરીદીનો સમાવેશ થાય છે, જેમાં ડેટા સેન્ટર ધરાવતો ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપનગરીય ચાંદિવલી સ્થિત આઈટી પાર્કમાં બાજુમાં ચાર માળનું "ડીઝલ જનરેટર" માળખું શામેલ છે.

# રવિના ટંડનની પુત્રી પોતાની પ્રેમકથાથી ધૂમ મચાવશે 'લાઈકી લાઈકા'નો પહેલો લુક રિલીઝ થયો



નવીદિલ્હી,

હોરર કોમેડી ફિલ્મ મુંજ્યા અને સ્ટાર કિડ રાશા થડાનીની આગામી ફિલ્મ 'લાઈકી લાઈકા'થી ચાહકોના દિલ જીતનાર અભિનેતા અભય વર્મા ઘણા સમયથી સમાચારમાં છે. નિર્માતાઓએ હવે આ રોમેન્ટિક થ્રિલર ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો છે, જે સૂચવે છે કે 'લાઈકી લાઈકા'માં પ્રેમ અને સંઘર્ષનો નાટક હશે.'લાઈકી લાઈકા'ના નવીનતમ પોસ્ટર ઉપરાંત, ફિલ્મની રિલીઝ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરવામાં આવી છે. ચાલો રાશા અને અભયની આગામી ફિલ્મના આ પોસ્ટર પર એક નજર કરીએ.અભય વર્મા અને રાશા થડાનીની ફિલ્મ 'લાઈકી લાઈકા' ઘણા સમયથી સમાચારમાં છે. ખાસ કરીને, પીઢ અભિનેત્રી રવિના ટંડનની પુત્રી, રાશા, આ ફિલ્મ માટે ચર્ચામાં છે. ગયા વર્ષે અજય દેવગણની ફિલ્મ 'આઝાદ'થી હિન્દી સિનેમામાં પ્રવેશ કરનારી રાશા થડાની માટે 'લાઈકી લાઈકા' એક મોટી સફળતા માનવામાં આવી રહી છે.આ ફિલ્મના પોસ્ટર પરથી સ્પષ્ટ થાય છે કે લાઈકી લાઈકા રાશાના અભિનય કારકિર્દીમાં એક વળાંક સાબિત થઈ શકે છે. ફિલ્મ વિવેચક તરણ આદર્શે તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લાઈકી લાઈકાનો ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યો છે. પોસ્ટરમાં, તમે એક છોકરા અને છોકરીના પગ જોઈ શકો છો, જે લોહીથી લથપથ દેખાય છે.લાઈકી લાઈકાનું આ પોસ્ટર એ પણ સંકેત આપે છે કે ફિલ્મ ઓનર કિલિંગના મુદ્દા પર આધારિત હોઈ શકે છે. જો કે, આની સત્તાવાર પુષ્ટિ ફિલ્મ રિલીઝ થયા પછી કરવામાં આવશે. હાલમાં, લાઈકી લાઈકાનું આ પોસ્ટર સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પસંદ કરવામાં આવી રહ્યું છે.લાઈકી લાઈકાના ફર્સ્ટ લૂક પોસ્ટર ઉપરાંત, તેની રિલીઝ અંગેની માહિતી પણ આપવામાં આવી છે. પોસ્ટરમાં નીચેના ખૂણામાં જણાવાયું છે કે રાશા થડાની અને અભય વર્મા અભિનીત આ ફિલ્મ ૨૦૨૬ ના ઉનાળામાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. એવું માનવામાં આવે છે કે તેની સત્તાવાર રિલીઝ તારીખ પણ થોડા દિવસોમાં જાહેર કરવામાં આવશે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ | બૂ | લ | વ | લ | એ | ન | સા | ણા | મા | ગ | સા |
| અ | કા | વિ | સા | દ | બ | ગુ | મા | ન | ઝ | ર | ર |
| ચ | આ | આ | મો | કા | ફ | જ્ઞા | લા | લ | ગુ | કા | ગ |
| કા | મ | ચી | બિ | તા | ન | બ | રા | મ | વા | કુ | ડ |
| વ | ક | ચી | પ | વા | દ | ર | ના | ળ | ભ | વા | મ |
| ક્ષ | ગી | સ | ધ | રા | ધ | મ | સા | ચ | દ | ભો | રી |
| મા | ન | અ | ર | વ | ડ | ન | ક | ણિ | ધ | ન | ત |
| ધ | અઃ | ન | ળ | મ | સા | ચા | ખ | ર | બૂ | મ | કી |
| કા | તુ | ચી | રો | બા | ર | મ | હા | દ | શ | સા | ર |
| અ | ધ | બં | દ | કા | ભો | દ | રા | પ્રા | બા | શિ | લ |
| સ | ક | પ્રા | મા | ર | કા | ર | રા | હિ | ર | જી | તુ |
| શિ | ળો | મો | પ્ર | બ | મો | હા | ગુ | લા | મ | ક્ષ | ઓ |

શબ્દ શોધો

**ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ**

# ૪૪ વર્ષીય અભિનેત્રીને એનિવર્સરી પર પતિએ આપ્યા ડિવોર્સ પેપર્સ, પહેલીવાર શેર કરી દુઃખ ભરી લાઈફ સ્ટોરી



મુંબઈ,

વર્ષ ૨૦૦૩ માં જાનશીન ફિલ્મથી પોતાના કરિયરની શરૂઆત કરનારી અભિનેત્રી સેલીના જેટલી છેલ્લા ઘણા સમયથી ફિલ્મી પડદાથી દૂર છે. પરંતુ સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનેત્રી લોકો સાથે કનેક્ટ રહી. જોકે સેલીના જેટલી હાલ તેની પર્સનલ લાઈફના કારણે ચર્ચામાં છે. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે અને તેમાં જણાવ્યું છે કે તેના પતિએ ૧૫ મી વેડિંગ એનિવર્સરીના ગિફ્ટમાં તેને ડિવોર્સ પેપર્સ આપ્યા. સાથે જ તેણે પોતાની સાથે થયેલા ખરાબ વર્તન બાળકોથી અલગ કરવું અને કાયદાકીય પ્રક્રિયા વિશે વાત કરી છે. સેલીના જેટલી એ જણાવ્યું કે ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ તેણે પાડોશીઓની મદદથી રાત્રે ૧:૦૦ વાગે દેશ છોડ્યો. તે શોષણ અને ખરાબ વ્યવહારથી છુટકારો મેળવવા માંગતી હતી તેથી તે મજબૂરીમાં ઘર છોડી ભારત આવી ગઈ.

સેલીના જેટલી એ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે તેના પતિએ તેને બાળકોથી દૂર કરી દીધી. સાથે જ તેને ડરાવતો હતો અને ધમકાવતો હતો. બાળકો પાસે પણ તેના વિરુદ્ધ વાતો કરાવવામાં આવી. આ ખરાબ વર્તનની શરૂઆત સપ્ટેમ્બર મહિનામાં થઈ. જ્યારે તેના પતિએ તેને ડિવોર્સ નોટિસ આપી. સેલીના જેટલી જણાવ્યું કે એનિવર્સરી ના દિવસે પતિ તેને કારમાં લઈ ગયો હતો અને કહ્યું હતું કે એનિવર્સરી નું ગિફ્ટ લેવા જઈ રહ્યા છીએ. ત્યાર પછી તેને ડિવોર્સ નોટિસ આપવામાં આવી. સેલીના જેટલીના જણાવ્યા અનુસાર તેના લગ્ન જીવનમાં સમસ્યાઓ હતી તેથી તે શાંતિથી અને સારી રીતે સંબંધથી અલગ થવા માંગતી હતી જેથી બાળકોના ભવિષ્ય સાથે કોઈ સમજૂતી કરવી ન પડે પરંતુ તેમ છતાં તેની સામે ગરીમા છીનવાઈ તેવી શરતો રાખવામાં આવી.

# મોચી બજારમાં મિલકત સીલ મુદ્દે ડખ્ખો, વેપારીઓમાં રોષ

## ૨૦ દુકાનોની આકારણી કર્યા વગર અગાઉ વેરા બિલ બનાવી નાખેલ જેમાં સુધારો કર્યા વગર નોટિસો ફટકારી હોવાના આક્ષેપઃ સરકારી મિલકતો અને મોબાઈલ ટાવરનો વેરો પહેલા વસુલો, અતુલ રાજાણીની આગેવાનીમાં ડે.કમિશનરને રજૂઆત




રાજકોટઃમહાનગરપાલિકાના ચાલુ વર્ષના બજેટમાં વેરા વિભાગની સૌથી વધુ આવક અંદાજવામાં આવી છે. રૂપિયા ૪૫૪ કરોડનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે વેરા વિભાગ દ્વારા આજથી સીલીંગ અને મિલકત જપ્તી સહિતની ઝૂંબેશ બાકી દારો વિરૂધ્ધ શરૂ કરવામાં આવી છે. તમામ વોર્ડમાં એક સાથે ઝૂંબેશ શરૂ કરાતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તેમજ અમૂક સમજી વર્ગમાં ઝૂંબેશ સામે રોષ પણ જોવા મળી રહ્યો છે. જેમાં આજે મોચી બજારમાં ૨૦થી વધુ દુકાનોની અગાઉ અકારણી કર્યા વગર બિલ બનાવી નાખેલ અને આ મુદ્દે વેપારીઓએ રજૂઆત પણ કરેલ છતાં પછી જોઈ લેશુ તેમ જણાવી આજ સુધી સુધારા વધારા ન કરી નોટિસ ફટકારી સીલીંગ કામગીરી શરૂ કરાતા તમામ વેપારીઓએ તેનો વિરૂધ્ધો કરી સરકારી મિલકતો અને મોબાઈલ ટાવરો સહિતનાનો કરોડોનોવેરો પહેલા ઉઘરાવો પછી મિલકત સીલ કરવા આવજો તેવુ જણાવી કોંગ્રેસ અગ્રણી અતુલ રાજાણીની આગેવાનીમાં ડે.કમિશનરને રજૂઆત કરી હતી.

મનપાના વેરા વિભાગ દ્વારા મિલકત વેરાનો લક્ષ્યાંક પૂર્ણ કરવા આજથી બાકીદારો વિરૂધ્ધ કડક ઝૂંબેશ શરૂ કરી છે. મ્યુનિ.કમિશનર દ્વારા ૫૦૦૦થી વધુ વેરો બાકી હોય તેવા રહેણાંકના એકમોને પણ નોટિસ ફટકારી નળ કનેકશન કાપવાની ચેતવણી આપી હતી. જેના લીધે વોર્ડ વાઈઝ ટીમ બનાવી આજથી રિકવરી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. આમ તો દર વર્ષે જાન્યુઆરીથી માર્ચના અંત સુધી બાકીદારો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. પરંતુ ૨૫૦૦૦ થી વધુ વેરો બાકી હોય તેવા કોર્મિશયલ અને રહેણાંકના એકમો વિરૂધ્ધ કાર્યવાહી થતી હોય છે. પણ આ વર્ષે રહેણાંકની મિલકતો સામે કડક પગલા લેવાય તે હેતુથી ૫૦૦૦ની મર્યાદા નક્કી કરવામાં આવી છે અને ગત સપ્તાહે તમામ બાકીદારોનુ લિસ્ટ મનપાની વેબસાઈટ પર મુકી બાકીદારોને સાવચેત કરાયા હતા અને આજથી સીલીંગ અને જપ્તી ઝૂંબેશ શરૂ કરાતા જ લાખાજીરાજ રોડ ઉપર વેપારી સાથે માથાકૂટ થયાનું જાણવા મળેલ છે.

મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા બાકીદારો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરાય છે. પરંતુ સરકારી મિલકતો સાથે સીલીંગ સહિતની કામગીરી થઈ શકતી નથી. પબ્લીક પ્રોપટી હોવાના કારણે ફકત નોટિસ આપી સંતોષ માનવામાં આવી રહ્યો છે. જેની સામે શહેરમાં આવેલ તમામ કંપનીના મોબાઈલ ટાવર પૈકી અનેક કંપીનીઓનો કરોડો રૂપિયાનો મિલકત વેરો આજે પણ બાકી છે. ભારાંક અને ચોરસ મીટર દીઠ ઘટાડા સહિતના મુદ્દે કંપનીઓ દ્વારા કોર્ટના દ્વારા ખખડાવવામાં આવ્યા છે. જેના લીધે મોબાઈલ ટાવર મુદ્દે સીલીંગ સહિતની કામગીરી થઈ શકતી નથી અને આ મુદ્દે આજે મોચી બજારના વેપારીઓએ ઉઠાવી તંત્રને સાણસામાં લેવાનો પ્રયાસ કર્યો છે. છતાં વેરા વિભાગે આજે અનેક મિલકતો સીલ કરી બાકીદારોને જપ્તીની નોટિસ ફટકારી હોવાનું જાણવા મળેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિ.માં બોર્ડની માફક સ્ક્વોડ સાથે પરીક્ષા

## રાજકોટ સહિત ૫ જિલ્લાના ૧૪૨ કેન્દ્રો પરથી ૫૬,૫૨૭ વિદ્યાર્થીઓની એક્ઝામ



રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત બોર્ડ પરીક્ષાની માફક સ્ક્વોડ સાથે પરીક્ષા લેવામાં આવી રહી છે. ૧૬મી જાન્યુઆરીથી શરૂ થતી આ પરીક્ષામાં રાજકોટ સહિત પાંચ જિલ્લામાં ૧૪૨ કેન્દ્ર પરથી ૫૬૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જે દરમિયાન ૯૦ જેટલા ઓબ્ઝર્વર તો પોતાની ફરજ પર જ રહેશે પરંતુ, તેમની સાથે ૮૦ અધ્યાપકોની ૪૦ સ્ક્વોડ બનાવવામાં આવી છે. જે અલગ-અલગ પરીક્ષા કેન્દ્રો પર સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવશે. જેમાં કોઈપણ વિદ્યાર્થી ગેરરીતિ કરતા ઝડપાશે તો તેની સામે સ્થળ પર કોપિકેસ દાખલ કરવામાં આવશે. જેનાથી યુનિવર્સિટીમાં પરીક્ષા દરમિયાન ચોરીનું પ્રમાણ ઘટી જશે. યુનિવર્સિટીના ઇન્ચાર્જ પરીક્ષા નિયામક ડૉ. મનીષ શાહે જણાવ્યુ હતુ કે, ૧૬ મી જાન્યુઆરીથી રાજકોટ, મોરબી, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાના ૧૪૨ કેન્દ્રો ઉપરથી ૫૬૫૨૭ વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થશે. જેમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જે પરીક્ષા ૨ સેશનમાં લેવામાં આવશે. જેનો સમય સવારે ૧૦ થી ૧૨ અને બપોરે ૧.૩૦ થી ૩.૩૦ વાગ્યા દરમિયાનનો છે. જેમાં સેમેસ્ટર -૧ માં બી.એ. રેગ્યુલરમાં ૧૮૪૪૦, બી.કોમ.માં ૧૭૪૭૦, બી.બી.એ.માં ૬૩૬૬, બી.સી.એ.માં ૬૩૧૦, એમ.કોમ.માં ૧૬૯૬ અને બીએસ.સી.માં ૧૨૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે આ વખતે પ્રથમ વખત ઓબ્ઝર્વરની સાથે સ્ક્વોડ ફરજ પર રહેશે. આ પરીક્ષા દરમિયાન ૧૪૨ પરીક્ષા કેન્દ્રો પર ૯૦થી વધુ ઓબ્ઝર્વર સતત તૈનાત રહેશે. જેમની સાથે ૮૦ સભ્યોની ૪૦ સ્ક્વોડની ટીમ બનાવવામાં આવી છે. જે પરીક્ષા કેન્દ્રો ઉપર સરપ્રાઈઝ ચેકીંગ કરવા માટે જશે. આ દરમિયાન કોઈ વિદ્યાર્થી પરીક્ષા ચોરી કરતા પકડાશે તો તેની સામે કોપિકેસ દાખલ કરવામાં આવશે. જે બાદ હવે રૂ.૨૫૦૦ થી લઈ રૂ.૧૦૦૦૦ નો દંડ કરવામાં આવશે.

# રાજકોટ સોરઠીયા પ્રજાપતિ જેઠવા પરિવાર દ્વારા રામદેવજી મહારાજનો પાટોત્સવ ઉજવાયો



રાજકોટ,

સોરઠીયા પ્રજાપતિ જેઠવા પરિવાર રાજકોટ દ્વારા ૧૩ મું સ્નેહમિલન યોજવામાં આવેલ. સાથે રામદેવજી મહારાજના પાટોત્સવની ઉજવણી કરાઈ હતી. પરિવારના સર્વે સભ્યો તેમજ સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્ર્ગીત તેમજ નાની બાળાઓના હસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવી હતી. બાદમાં મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોના ભાગ રૂપે દાંડીયા રાસ રાખેલ. જેમાં વિશાળ સંખ્યામાં મહિલાઓ દાંડીયા રાસ રમ્યાય હતા. દાતાઓનું સન્માન કરવામાં આવેલ. મહાનુભાવો દ્વારા સમાજમાં શિક્ષણ અને રીત રીવાજોને લઈને સુધારા કરવા અભિપ્રાયો રજુ થયેલ. આ કાર્યક્રમમાં જેઠવા પરિવારના ૯૫૦થી વધુ સભ્યોએ સમૂહ ભોજન ગ્રહણ કર્યુ હતુ. તેમ સંસ્થાના પ્રમુખ કિશનભાઈ રમેશભાઈ જેઠવા (મો.૮૮૬૬૨ ૫૯૫૦૦)ની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટમાં શ્રી રઘુવીર યુવા શક્તિમ સંઘ દ્વારા વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



રાજકોટ,

તાજેતરમાં શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘના રાજકોટ અને મોરબી ટીમના હોદેદારો અને સભ્યો દ્વારા કાલાવડ રોડ પર ‘‘ગોલોક ગ્રીન્સ’’ (ફાર્મ) ખાતે ‘‘સામાન્ય વાર્ષિક સભા-૨૦૨૬’’નું આયોજન કરવામાં આવેલ હતું.

સંસ્થાની યાદી મુજબ રાજકોટ અને મોરબી શહેરમાંથી મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના યુવા બિઝનેસમેન અને એન્ટરપ્રિન્યોક્સ, પ્રોફેનલસ જેમ કે ડોકટર્સ, વકીલ, એન્જિનિયર તથા ગવર્મેન્ટ, ડિપાર્ટમેન્ટમાં જોડાયેલા યુવા અધિકારી અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંગઠનના હોદેદારો કે.ડી. રઘુવંશી, કુલદીપ રઘુવંશી, પાર્થ જોબનપુત્રા, જયભારત ધામેચા, પ્રતિક રાચ્છ, રક્ષિત પુજારા, કિશન ઉનડકટ, મીત અનડકટ, રામ લાલચેતા, પાર્થ નથવાણી, બિરેન જોબનપુત્રા, હાર્દિક કારિયા, મિહીર સોમૈયા, કાના અઢિયા તેમજ વોર્ડના અન્ય હોદેદારો અને સભ્યોએ જહેમત ઉઠાવી હોવાનું આ યાદીના અંતમા જણાવાયું છે.

# રાજકોટ વોર્ડ નં.૧૮ના ઔદ્યોગિક વિસ્તારોમાં મેટલીંગ કામનો પ્રારંભ



રાજકોટ,

રાજકોટ વોર્ડ નં.૧૮માં ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝ, વિરાણી અઘાટ, ઘનશ્યામ, પ્રગતિ ઈન્ડસ્ટ્રીઝમાં મેટલીંગ કામનો પ્રારંભ વોર્ડના કોર્પોરેટરો સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણાના હસ્તે કરાયો હતો. આ પ્રસંગે મુન્નાભાઈ જોગરાણા, નટુભાઈ વાઘેલા, વર્ષાબેન સભાયા વગેરે હાજર રહ્યા હતા

# સહકાર ભારતીના સ્થાપના દિને ‘સહકારિતા’નો ગુંજારવ; એક જ દિવસમાં ૬ ભવ્ય કાર્યક્રમો યોજાયા

## ‘વિના સંસ્કાર નહીં સહકાર’ના મંત્ર સાથે શતાબ્દી વર્ષની ઉજવણી; અઈ ટેકનોલોજી અને પારિવારિક મૂલ્યો પર અપાયું ભાર



રાજકોટ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ અંતર્ગત સહકારી ક્ષેત્રના વિશાળ સંગઠન સહકાર ભારતી દ્વારા ૧૧ જાન્યુઆરીના સ્થાપના દિવસે રાજકોટ મહાનગરમાં વિવિધ છ કાર્યક્રમો અને પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં યોજાયેલા ૧૦૦ કાર્યક્રમોના ભાગરૂપે રાજકોટમાં અર્બન બેંક, ક્રેડિટ સોસાયટી, હાઉસિંગ સોસાયટી અને મહિલા પ્રકોષ્ઠ દ્વારા એક જ દિવસમાં સહકારિતાના સંસ્કારોને ઉજાગર કરતા કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે જ્યોતીન્દ્રભાઈ મહેતા અને આશિષભાઈ શુક્લ જેવા અગ્રણીઓએ પંચ પરિવર્તનને જીવનમાં વણી લેવા અનુરોધ કર્યો હતો.

અર્બન બેંક પ્રકોષ્ઠના કાર્યક્રમમાં મુખ્ય વક્તા નલીનભાઈ વસાએ ભારતીય સંયુક્ત પરિવાર પ્રથાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે પરિવાર સંસ્થા મજબૂત હશે તો જ દેશ સમૃદ્ધ બનશે. સહકાર વંદના કાર્યક્રમમાં નવીનભાઈ શેઠે કેન્દ્રમાં અલગ સહકાર મંત્રાલયની રચના અને આણંદમાં સહકાર યુનિવર્સિટીની શરૂઆતને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ ગણાવી હતી.

મહિલા અને હાઉસિંગ સોસાયટી પ્રકોષ્ઠ દ્વારા પણ આદર્શ સોસાયટી અને નાગરિક કર્તવ્ય પાલન અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

સ્થાપના દિનની પૂર્વસંધ્યાએ યોજાયેલા વિશેષ સત્રમાં એ.આઈ. નિષ્ણાત યતીન ઉપાધ્યાયે ક્રેડિટ સોસાયટીઓના વહીવટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ઉપયોગિતા સમજાવી હતી. તેમણે જણાવ્યું કે એ.આઈ. દ્વારા લાંબા પરિપત્રોનો ટૂંકો સાર અને સચોટ ડેટા વિશ્લેષણ મેળવી શકાય છે, જોકે ફેક મીડિયાથી સાવધ રહી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો પણ એટલો જ અનિવાર્ય છે. શિબિરમાં મુનિમજી સોફ્ટવેર દ્વારા આધુનિક એકાઉન્ટિંગ સિસ્ટમનું ડેમોન્સ્ટ્રેશન પણ આપવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં કૃષિરાહત પેકેજની ૯૯ ટકા કામગીરી પૂર્ણ

## રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમ અને જિલ્લા વહીવટી તંત્રની સક્રિયતાને કારણે રાજકોટ જિલ્લાના લાખો ખેડૂતોના ખાતામાં સીધી નાણાકીય સહાય જમા કરવામાં આવી છે

રાજકોટ

રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમ અને જિલ્લા વહીવટી તંત્રની સક્રિયતાને કારણે રાજકોટ જિલ્લાના લાખો ખેડૂતોના ખાતામાં સીધી નાણાકીય સહાય જમા કરવામાં આવી છે. કમોસમી વરસાદથી થયેલા નુકસાનના વળતર રૂપે જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ અને મગફળી-સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયામાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર છે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જિલ્લામાં કૃષિ રાહત પેકેજ અંતર્ગત ૯૯.૭% કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.કુલ ૨,૪૧,૪૬૬ ખેડૂતોએ ક્લેમ સબમિટ કર્યા હતા, જેમાંથી ૨,૩૭,૦૦૦ ખેડૂતોને અત્યાર સુધીમાં ૭૫૮ કરોડ રૂપિયાની સહાય ચૂકવી દેવામાં આવી છે.

જ્યારે મગફળીની ખરીદી માટે ૧,૭૫,૬૨૦ ખેડૂતોએ નોંધણી કરાવી હતી, જેમાંથી ૧,૪૦,૩૫૩ ખેડૂતોને ૨,૩૫૫ કરોડ રૂપિયાનું ચુકવણી કરવામાં આવ્યું છે. જ્યારે સોયાબીન માટે ૧૫,૨૭૫ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાંથી ૧૧,૧૩૪ ખેડૂતો પાસેથી ખરીદી પૂર્ણ કરી ૮૫ કરોડ રૂપિયાનું ચૂકવણું કરાયું છે.આ મળીને ૩,૧૯૮ કરોડની ચુકવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. જેમાં કમોસમી વરસાદ ટેકાના ભાવે મગફળી તેમજ સોયાબીનની ખરીદી સહિતની યોજનાઓની સહાયની ત્રણ કરોડથી પણ વધુની ચુકવણી રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લા કોંગ્રેસનું ૩૩ સભ્યોનું સંગઠન જાહેર, મહિલાઓને પણ સ્થાન



રાજકોટ

રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ પૂર્વે રાજકોટ શહેર અને જિલ્લામાં સતાધારીપક્ષનું સંગઠન હજુ જાહેર થયું નથી ત્યાં જિલ્લા કોંગ્રેસે ૩૩ સભ્યોનું સંગઠન જાહેર કરાયું છે.

રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશભાઈ વોરા દ્વારા ૩૩ સભ્યોનું જિલ્લાનું સંગઠન માળખુ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ ઉપપ્રમુખ ૧૦ મંત્રી, પાંચ મહામંત્રીઓ, ૩ સંગઠન મંત્રી, ૩ કારોબારી સભ્ય અને ૧ કાર્યાલય મંત્રીનો સમાવેશ થાય છે.

રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે યતીશ દેસાઈ, જયેન્દ્રસિંહ ચૌહાણ, કૃપણકાંત ચોટાઈ, પીનલબેન સાવલીયા, મુકેશભાઈ કાણાંતરા, વિપુલભાઈ બાવળીયા, મૈયાત્રા જયેશભાઈ, મનહરસિંહ જાડેજા, શિવાભાઈ સીપરીયા, અને ઘનશ્યામસિંહ ઝાલાની નિયુકતી કરાય છે. જયારે મહામંત્રી તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાનજીભાઈ રાદડિયા, લલીતભાઈ પટોળીયા, જયસુખભાઈ પારઘીલ, રણજીતભાઈ ગોહિલ, ગોવિંદ ભાઈ પરમાર, અરવિંદભાઈ રાજપરા, જશવંતસિંહ હડિયલ, વિપુલભાઈ વોરા અને જયશ્રીબેન બગડાની મંત્રી તરીકે વિપુલભાઈ ઝાપડીયા, ભૂપતભાઈ કનેરીયા, જયદીપભાઈ વસોયા, સુરેશભાઈ છાયાણી અને મેઘજીભાઈ ચાવડાની નિયુકતી કરાય છે.સંગઠન મંત્રી તરીકે ગોપાલભાઈ સલાટ, મનોજભાઈ વાઘેલા, મનસુખભાઈ કટીર જયારે કારોબારી સભ્ય તરીકે સેયદ રફીકમીયા મજીદમીયા, જયંતી ગોહિલ અને નયનભાઈ જીવાણીની જ્યારે કાર્યાલય મંત્રી અને મીડિયા ઈન્ચાર્જ તરીકે ગોપાલભાઈ મોરવાડીયાની નિયુક્તી કરાયછે

# રવિવારથી રેસકોર્સમાં ફરી ફન સ્ટ્રીટનો પ્રારંભ

રાજકોટ,

મહાનગરપાલિકાના સાથ સહયોગથી ‘મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ’ દ્વારા આગામી તા.૧૮ને રવિવારના રોજ સવારે ૮ કલાક થી ૧૦ કલાક સુધી, શ્રી શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી સામે, રેસકોર્સ ખાતે હેપ્પી સ્ટ્રીટ (ફ્ન સ્ટ્રીટ)નું આયોજન કરવામાં આવેલ છે. દર રવિવારે ભુલકાઓ અને પરિવારજનોને આનંદ આપતી ફન સ્ટ્રીટ ફરી શરૂ થશે.

હેપ્પી સ્ટ્રીટ(ફન સ્ટ્રીટ)નો લાભ લેવા પદાધિકારીઓએ શહેરીજનોને અનુરોધ કરતા જણાવ્યું છે કે, આજના મોબાઈલ યુગમાં જયારે મોટાભાગના લોકો મોબાઈલમાં ખોવાયેલા રહેતા હોય છે ત્યારે વિસરાય ગયેલ શેરી રમતોને પુનઃજીવિત કરવા માટે આ રમતો આ ફન સ્ટ્રીટમાં જોવા મળશે. મ્યુઝિકલ ચેર, લંગડી, કોથડા દોડ, લીંબુ ચમચી, લખોટી, ભમરડા, ગોળ કુંડારા, ચેસ, કેરમ, સાપ સીડી, લુડો, ડાંસ ગરબા સહિત વિવિધ રમતો હેપ્પી સ્ટ્રીટ (ફન સ્ટ્રીટ)માં જોવા મળશે.

હેપ્પી સ્ટ્રીટ (ફન સ્ટ્રીટ)માં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે પરંતુ પરિવાર સિવાય આવનાર વ્યક્તિએ ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે જે સુરક્ષા વિભાગ અથવા પોલીસ દ્વારા માંગવામાં આવે ત્યારે પોતાનું ઓળખકાર્ડ બતાવવાનું રહેશે. આ હેપ્પી સ્ટ્રીટ (ફન સ્ટ્રીટ)ને સફળ બનાવવા માટે પદાધિકારીઓ તથા કમિશનર તેમજ ‘મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ’ (ચિત્રાનગરી)ના જીતુભાઈ ગોટેચા સહિત તેમની ટીમના વિવિધ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.આ હેપ્પી સ્ટ્રીટનો લાભ લેવા મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ શહેરીજનોને અનુરોધ કર્યો છે.

# રાજકોટના વોર્ડ નં.૨માં શાળા નં.૭૪ના રીનોવેશન કામનો ધારાસભ્ય ડો.દર્શિતા શાહના હસ્તે પ્રારંભ



રાજકોટ,રાજકોટ વોર્ડ નં.૨માં આવેલ શાળા નં.૭૪નુ નવીનીકરણ કરવાનું કામનું ખાતમુહુર્ત મેયર નયનાબેન પેઢડિયા, ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા તેમજ કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

# I-PAC દરોડાઃ મમતા બેનર્જીને ઝટકો, SC એ બંગાળ સરકારને નોટિસ ફટકારી

## ED અધિકારીઓ સામે FIR પર રોક લગાવી



કોલકાતા,

કોલકાતામાં I-PAC સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડાના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે મુખ્યમંત્રી મમતા બેનર્જીને ઝટકો આપ્યો હતો અને તપાસમાં 'અવરોધ' કરવાનો આરોપ લગાવતી કેન્દ્રીય તપાસ એજન્સીની અરજી પર પશ્ચિમ બંગાળ સરકાર અને રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) રાજીવ કુમારને નોટિસ જારી કરી હતી. ન્યાયાધીશ પ્રશાંત મિશ્રા અને વિપુલ પંચોલીની બે જજોની બેન્ચે I-PAC ડિરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડામાં સામેલ ED અધિકારીઓ સામેના પ્રથમ માહિતી અહેવાલ (FIR) પર પણ રોક લગાવી હતી.

આ મામલાને ૩ ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી માટે મુલતવી રાખતા, સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળ સરકારને દરોડાના CCTV ફૂટેજને સુરક્ષિત રાખવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જેમાં નિર્દેશ કરવામાં આવ્યો હતો કે ઈડીની અરજીમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કરવામાં આવતી તપાસ અને રાજ્ય એજન્સીઓ દ્વારા દખલગીરી સંબંધિત ગંભીર મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો EDની અરજીમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોના જવાબ આપવામાં નહીં આવે, તો તે 'અનૈતિકતા' તરફ દોરી શકે છે.

"અમારા મતે, દેશમાં કાયદાના શાસનનું પાલન અને દરેક અંગને સ્વતંત્ર રીતે કાર્ય કરવા દેવા માટે, આ મુદ્દાની તપાસ કરવી જરૂરી છે જેથી ગુનેગારોને કોઈ ચોક્કસ રાજ્યની કાયદા અમલીકરણ એજન્સીઓના ઢાલ હેઠળ રક્ષણ ન મળે," કોર્ટે કહ્યું.

"મોટા પ્રશ્નો સામેલ છે અને ઉભા થયા છે, જેને જો અનિર્ણિત રહેવા દેવામાં આવે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે, અને એક અથવા બીજા રાજ્યમાં અરાજકતાની સ્થિતિ પ્રવર્તશે, કારણ કે વિવિધ સંગઠનો વિવિધ સ્થળોએ શાસન કરી રહ્યા છે," તેમાં ઉમેર્યું.

આ મહિનાની શરૂઆતમાં જૈનના કોલકાતા નિવાસસ્થાન પર ઈડી દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ બેનર્જી અને રાજ્યના અધિકારીઓ દ્વારા તેને અવરોધવામાં આવ્યા બાદ એક મોટો વિવાદ ફાટી નીકળ્યો હતો. ઈડી કોલકાતા હાઈકોર્ટમાં ગઈ હતી પરંતુ તેણે કોર્ટરૂમની અંદર અનિયંત્રિત અરાજકતાને ટાંકીને સુનાવણી ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી. ગુરુવારે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે હાઈકોર્ટમાં થયેલા હંગામાથી પરેશાન છે.

દરમિયાન, સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન, તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકારે તેની તપાસમાં કથિત રીતે 'અવરોધ' કર્યો હતો.

# મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી કેસમાં ભારત અને દુબઈમાં આરોપીઓની ૨૧.૪૫ કરોડની સંપત્તિ જપ્ત

## જપ્ત કરાયેલી સંપત્તિમાં ૯૮.૫૫ લાખની જંગમ સંપત્તિ અને ભારત અને દુબઈમાં ૨૭ સ્થાવર મિલકતોનો સમાવેશ

રાયપુર,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મહાદેવ ઓનલાઈન બુક ના ગેરકાયદેસર સટ્ટાબાજી રેકેટમાં મોટી કાર્યવાહી કરી છે. ઈડી રાયપુર ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ચાલી રહેલી તપાસમાં ૨૧.૪૫ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિ જપ્ત કરી છે. કરોડોની કિંમતની જપ્ત કરાયેલી સંપત્તિમાં ૯૮.૫૫ લાખની જંગમ સંપત્તિ અને ભારત અને દુબઈમાં સ્થિત રહેણાંક મકાનો, વ્યાપારી દુકાનો, ખેતીની જમીન અને વૈભવી એપાર્ટમેન્ટ સહિત ૨૭ સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત ૨૦.૪૬ કરોડ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે તે વ્યક્તિઓનો ખુલાસો કર્યો જેમની મિલકતો જપ્ત કરવામાં આવી છે. આમાં રવિ ઉપ્પલ, રજત કુમાર સિંહ, સૌરભ આહુજા, વિશાલ રામાણી, વિનય કુમાર, હની સિંહ, લકી ગોયલ અને રાજા ગુપ્તાનો સમાવેશ થાય છે.

રવિ ઉપ્પલઃ મુખ્ય પ્રમોટર તરીકે ઓળખાય છે જે હજુ પણ ફરાર છે. આદેશમાં દુબઈમાં આશરે ૬.૭૫ કરોડની વિદેશી મિલકત (એટ્રિયા રા) જપ્ત કરવામાં આવી છે.

રજત કુમાર સિંહઃ સૌરભ ચંદ્રકરના નજીકના સહયોગી, જેમણે અનેક પેનલ ચલાવી હતી અને ?૧૫-૨૦ કરોડની ગુનાની રકમ એકઠી કરી હતી. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ભિલાઈ અને દુબઈમાં મિલકતોનો સમાવેશ થાય છે.

સૌરભ આહુજા અને વિશાલ રામાણીઃ ભાગીદારો જેમણે આશરે ૧૦૦ પેનલ ચલાવી હતી અને પીઓસીમાં આશરે ૩૦ કરોડ કમાયા હતા. દુર્ગ અને ભિલાઈમાં મિલકતો જપ્ત કરવામાં આવી છે.

# ઓપરેશન સિંદૂરથી એક મજબૂત સંદેશ મળ્યો હતો, જેનાથી પાકિસ્તાન સરકાર મૂંઝાઈ ગઈ

## લશ્કર કમાન્ડરે ઓપરેશન સિંદૂરમાં થયેલા મોટા નુકસાનની કબૂલાત કરી

નવી દિલ્હી,

લશ્કર-એ-તૈયબા (LeT) ના ટોચના કમાન્ડર હાફિઝ અબ્દુર રઉફે સ્વીકાર્યું છે કે ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરથી એક મજબૂત સંદેશ મળ્યો હતો, કારણ કે ૬ અને ૭ મેની રાત્રે થયેલી સ્ટ્રાઈક દરમિયાન મુરીદકેમાં આતંકવાદી જૂથના મુખ્ય મથકને સંપૂર્ણપણે તોડી પાડવામાં આવ્યું હતું. તાજેતરમાં એક સભાને સંબોધતા, રઉફે ઓપરેશન સિંદૂરને "મોટો હુમલો" ગણાવ્યો હતો અને તેનાથી પાકિસ્તાની સરકાર મૂંઝાઈ ગઈ હતી પરંતુ તેઓ કોઈક રીતે "અલ્લાહ દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા". ગયા વર્ષે ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં લશ્કરના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલામાં છવીસ લોકો, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા, માર્યા ગયા હતા. જવાબમાં, ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં નવ આતંકવાદી છાવણીઓનો નાશ કર્યો. ભારતના હુમલાઓ માત્ર આતંકવાદી માળખા પર હુમલો કરવા પર કેન્દ્રિત હતા.

જોકે, જવાબમાં, પાકિસ્તાને ભારતના લશ્કરી અને નાગરિક માળખા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે ચાર દિવસ સુધી તીવ્ર લશ્કરી સંઘર્ષ થયો જેમાં ડ્રોન અને માનવરહિત હવાઈ વાહનો (UAV)નો વ્યાપક ઉપયોગ થયો. ટોચના ભારતીય નેતૃત્વએ વારંવાર ભારપૂર્વક જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર પૂર્ણ થયું નથી અને તેને ફક્ત થોભાવવામાં આવ્યું છે, પાકિસ્તાનને કોઈપણ દુઃસાહસની ચેતવણી આપી છે.

તાજેતરમાં, જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) પર કેટલાક ડ્રોન પણ જોવા મળ્યા હતા, જેના કારણે ચિંતા વધી હતી. આ પછી, બંને પક્ષોએ લશ્કરી કામગીરીના મહાનિર્દેશક સ્તરની વાટાઘાટો યોજી હતી, જેમાં ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી.

# ટ્રમ્પે શાળાના ભોજનમાં આખા દૂધને પરત આપતા કાયદા પર હસ્તાક્ષર કર્યા

વોશિંગટન,

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો નિર્ણય લીધો છે જેમાં, ઓબામા યુગમાં વધુ ચરબીવાળા ડેરી ઉત્પાદનો પરની મર્યાદા પાછી ખેંચતા નવા કાયદા પર હસ્તાક્ષર કર્યા પછી, યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્કૂલના કાફેટેરિયાઓમાં સંપૂર્ણ દૂધ પાછું આવવાનું છે. ગયા પાનખરમાં કોંગ્રેસ દ્વારા મંજૂર કરાયેલ હોલ મિલ્ક ફોર હેલ્ધી કિડ્સ એક્ટ, હવે નેશનલ સ્કૂલ લંચ પ્રોગ્રામ હેઠળની શાળાઓને ૨૦૧૨ થી ફરજિયાત બનેલા સ્કિમ અને લો-ફેટ વેરિઅન્ટ્સ સાથે સંપૂર્ણ અને ૨ ટકા દૂધ પીરસવાની મંજૂરી આપે છે. ફોર્ટિફાઈડ સોયા મિલ્ક જેવા નોનડેરી પીણાં પણ આગામી મહિનાઓમાં શાળાના મેનૂમાં સ્થાન મેળવી શકે છે.

## ઓબામા યુગના પોષણ નિયમોને ઉથલાવી દીધા

કાયદા ઘડનારાઓ, ડેરી ખેડૂતો અને બાળકો દ્વારા હાજરી આપેલા વ્હાઈટ હાઉસના હસ્તાક્ષર સમારોહમાં, ટ્રમ્પે કહ્યું, "તમે ડેમોક્રેટ હો કે રિપબ્લિકન, સંપૂર્ણ દૂધ એક મહાન વસ્તુ છે." આ કાયદો પોષણ ધોરણોને પૂર્ણ કરતા નોનડેરી વિકલ્પોને મંજૂરી આપીને શાળા માર્ગદર્શિકાને વિસ્તૃત કરે છે અને વિદ્યાર્થીઓને ડૉક્ટરના પ્રમાણપત્રને બદલે માતાપિતા પાસેથી એક સરળ નોંધ સાથે ડેરી વિકલ્પોનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

નવી આહાર માર્ગદર્શિકા ફુલ-ફેટ ડેરીને પ્રોત્સાહન આપે છે

આ પગલું ૨૦૨૫-૨૦૩૦ ડાયેટરી માર્ગદર્શિકાના અનાવરણ પછી સીધા જ આવ્યું છે જે સ્વસ્થ આહારના ભાગ રૂપે ફુલ-ફેટ ડેરીને પ્રકાશિત કરે છે. અગાઉના આવૃત્તિઓમાં બે વર્ષથી વધુ ઉંમરના કોઈપણ માટે ઓછી ચરબીવાળા અથવા ચરબી રહિત ડેરી ઉત્પાદનોની ભલામણ કરવામાં આવી હતી. યુએસ કૃષિ વિભાગે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ટ્રમ્પને "દૂધની મૂછો" ધરાવતા દર્શાવતા આ ફેરફારને પ્રોત્સાહન આપ્યું હતું જેમાં કેપ્શન હતુંઃ "સંપૂર્ણ દૂધ પીઓ."

અધિકારીઓએ નોંધ્યું છે કે આ ફેરફાર આ પાનખરમાં જ લાગુ કરી શકાય છે, ઘણી શાળાઓ માંગનું મૂલ્યાંકન કરવા અને પુરવઠાનું સંકલન કરવામાં વધુ સમય લઈ શકે છે. નેશનલ સ્કૂલ લંચ પ્રોગ્રામમાં લગભગ ૩૦ મિલિયન વિદ્યાર્થીઓ સાથે, આ પરિવર્તન ડેરી ક્ષેત્ર દ્વારા સ્વાગત કરાયેલ એક મુખ્ય આહાર નીતિ ઉલટાવી દે છે.

મિશેલ ઓબામાના શાળા ભોજન સુધારાને ઉલટાવી દેવાથી

આખા અને ૨ ટકા દૂધનું વળતર ભૂતપૂર્વ પ્રથમ મહિલા મિશેલ ઓબામા દ્વારા એક દાયકા કરતાં વધુ સમય પહેલાં ચલાવવામાં આવેલા સ્વસ્થ ભૂખ-મુક્ત બાળકો કાયદાની જોગવાઈઓને ઉલટાવી દે છે. તેમની પહેલનો હેતુ શાળાના ભોજનમાં સંતૃપ્ત ચરબી અને કેલરીને મર્યાદિત કરીને બાળપણની સ્થૂળતા ઘટાડવાનો હતો, જેમાં ઉચ્ચ ચરબીવાળા ડેરીનો સમાવેશ થાય છે. જો કે, ઘણા પોષણ નિષ્ણાતો અને ડેરી ઉદ્યોગ જૂથો દલીલ કરે છે કે આખું દૂધ એક પૌષ્ટિક ખોરાક છે જેની અન્યાયી ટીકા કરવામાં આવી હતી. ઘણા લોકો સંશોધન તરફ નિર્દેશ કરે છે જે સૂચવે છે કે જે બાળકો સંપૂર્ણ દૂધ પીવે છે તેમને સ્કિમ્ડ વિકલ્પોનું સેવન કરતા સ્થૂળતાનું ઓછું જોખમ હોઈ શકે છે. ઓછી ચરબીવાળા દૂધની નીતિઓના ટીકાકારો પણ દલીલ કરે છે કે ઘણા બાળકો ઓછી ચરબીવાળા દૂધને પસંદ કરતા નથી અને તેને અસ્પૃશ્ય છોડી દે છે, જે ખોરાકના બગાડ અને પોષણના અંતર બંનેમાં ફાળો આપે છે. આરોગ્ય સચિવ રોબર્ટ એફ કેનેડી જુનિયરે આ પરિવર્તનને "શાળા પોષણ નીતિમાં લાંબા સમયથી વિલંબિત સુધારો" ગણાવ્યું. કૃષિ સચિવ બ્રુક રોલિન્સે જણાવ્યું હતું કે નવો કાયદો મિશેલ ઓબામાના "આખા દૂધને છોડી દેવાના ટૂંકા ગાળાના અભિયાન" ને સુધારે છે.

# કેરળના ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા મતદારોના નામ પ્રકાશિત કરવા SC એ EC ને કહ્યું

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી પંચને કેરળમાં ખાસ સઘન સુધારણા પ્રક્રિયા પછી પ્રકાશિત ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા લોકોના નામ જાહેર કરવા જણાવ્યું હતું જેથી અસરગ્રસ્ત મતદારો વાંધો ઉઠાવી શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓના નામ, જો પહેલાથી પ્રદર્શિત ન હોય, તો ગ્રામ પંચાયત કચેરીઓ અથવા ગામડાઓમાં સ્થિત કોઈપણ જાહેર કચેરીમાં પ્રદર્શિત કરવા જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓના નામ, જો પહેલાથી પ્રદર્શિત ન હોય, તો ગ્રામ પંચાયત કચેરીઓ અથવા ગામડાઓમાં સ્થિત કોઈપણ અન્ય જાહેર કચેરીમાં પ્રદર્શિત કરવા જોઈએ.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે ચૂંટણી પેનલને નામો કાઢી નાખવા સામે વાંધો દાખલ કરવા માટે સમયમર્યાદા, પ્રાધાન્યમાં બે અઠવાડિયા લંબાવવાનું વિચારવા પણ કહ્યું.

પોલ પેનલ તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે સમયમર્યાદા લંબાવવાના મુદ્દા પર વિચાર કરવામાં આવશે. બેન્ચ કેરળમાં હાથ ધરવામાં આવેલી સ્પેશિયલ સઘન સુધારણા (SIR) પ્રક્રિયાને પડકારતી અરજીઓની બેચ પર સુનાવણી કરી રહી હતી.

અરજદારોમાં કેરળ, IUML ના પીકે કુન્હાલીકુટ્ટી, CPI-M ના એમવી ગોવિંદન માસ્ટર અને સન્ની જોસેફ જેવા વરિષ્ઠ રાજકીય નેતાઓ, CPI સ્ટેટ કાઉન્સિલ સાથે શામેલ છે.

અરજીઓમાં કહેવામાં આવ્યું છે કે SIR પ્રક્રિયા, જે હાલમાં ચાલી રહી છે, તે તકનીકી ભૂલો અને મજબૂત નિવારણ પદ્ધતિના અભાવને કારણે વસ્તીના એક મોટા ભાગને મતાધિકારથી વંચિત રાખવાનું જોખમ ધરાવે છે.

ટૂંકી સુનાવણી દરમિયાન, અરજદારો વતી હાજર રહેલા વકીલે રજૂઆત કરી હતી કે સુધારણા પછી બહાર પાડવામાં આવેલી મતદાર યાદીના મુસદ્દા મુજબ, લગભગ ૨૪ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા છે.

એવી દલીલ કરવામાં આવી હતી કે જ્યારે મતદારોએ નામ કાઢી નાખવા સામે વાંધો નોંધાવવો જરૂરી છે, ત્યારે બાકાત રાખવામાં આવેલા વ્યક્તિઓની યાદી સુલભ બનાવવામાં આવી નથી, જે તેમને તેમના નામ કાઢી નાખવા સામે વાંધો ઉઠાવવાની અર્થપૂર્ણ તકનો ઈનકાર કરે છે.

"તેઓએ વાંધો નોંધાવવો પડશે, પરંતુ કાઢી નાખવામાં આવેલા વ્યક્તિઓની યાદી ઉપલબ્ધ નથી. હવે લોકોએ પાછા જઈને વાંધો નોંધાવવો પડશે કે તમે મને કેમ કાઢી નાખ્યો... તે તક અમારા માટે ખૂટે છે," એક વકીલે કહ્યું

અરજદારોએ વધુમાં નિર્દેશ કર્યો હતો કે ડ્રાફ્ટ યાદીમાં, કેટલાક મતદારોને ભૂલથી મૃત તરીકે દર્શાવવામાં આવ્યા છે, જ્યારે અન્યને રાજ્યની બહાર રહેતા તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા છે.

# યુએસ લશ્કરી પ્રતિક્રિયાની આશંકા વચ્ચે ઈરાને કલાકો સુધી હવાઈ ક્ષેત્ર બંધ રાખ્યું

તેહરાન,

ગુરુવારે વહેલી સવારે ઈરાને અચાનક પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો આદેશ આપ્યો હતો, જેના કારણે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો પર સરકારના કડક પગલાંને કારણે પહેલાથી જ તણાવગ્રસ્ત પ્રદેશમાં ફરી ચિંતા ફેલાઈ ગઈ હતી. અધિકારીઓએ આ કામચલાઉ બંધ માટે કોઈ સ્પષ્ટતા આપી ન હતી, જે એવા સમયે કરવામાં આવી હતી જ્યારે સંભવિત યુએસ હુમલાઓનો ભય વધી રહ્યો છે. ફ્લાઈટ-ટ્રેકિંગ પ્લેટફોર્મ FlightRadar24.com અનુસાર, ઈરાનનું હવાઈ ક્ષેત્ર બે કલાકથી થોડા વધુ સમય માટે બંધ રહ્યું હતું.

ઈરાની અધિકારીઓએ બુધવારે સંકેત આપ્યો હતો કે રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં અટકાયતમાં લેવાયેલા શંકાસ્પદો પર ઝડપી ટ્રાયલ અને ફાંસીની સજા ફટકારવામાં આવશે, જ્યારે ઈસ્લામિક રિપબ્લિકે વચન આપ્યું હતું કે જો યુએસ અથવા ઈઝરાયલ ઘરેલુ અશાંતિમાં દખલ કરશે તો બદલો લેવામાં આવશે. કતારમાં એક મુખ્ય યુએસ લશ્કરી મથક પરના કેટલાક કર્મચારીઓને ખાલી કરવાની સલાહ આપવામાં આવી ત્યારે ધમકીઓ ઉભરી આવી, જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૪ કલાકના સમયગાળામાં શ્રેણીબદ્ધ અસ્પષ્ટ નિવેદનો આપ્યા હતા જેના કારણે ઈરાન સામે અમેરિકન કાર્યવાહી, જો કોઈ હોય તો, શું થશે તે સ્પષ્ટ થયું ન હતું. ઈસ્લામિક રિપબ્લિકે ગુરુવારે વહેલી સવારે વાણિજ્યિક ફ્લાઈટ્સ માટે તેના હવાઈ ક્ષેત્રને કેટલાક કલાકો સુધી બંધ રાખ્યું, કોઈ સ્પષ્ટતા વિના, પાઈલટ્સને સૂચના વાંચવામાં આવી.

ટ્રમ્પે દાવો કર્યો છે કે હત્યાઓ બંધ થઈ ગઈ છે

પત્રકારોને આપેલી ટિપ્પણીમાં, રિપબ્લિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને કહેવામાં આવ્યું છે કે ઈરાનમાં ફાંસીની યોજના બંધ થઈ ગઈ છે, પરંતુ ઘણી વિગતો આપી નથી. ટ્રમ્પે ઈરાનમાં વિરોધ કરનારાઓને કહ્યું હતું કે "મદદ આવી રહી છે" અને તેમનો વહીવટ ઈસ્લામિક રિપબ્લિકના ઘાતક કાર્યવાહીનો જવાબ આપવા માટે "તે મુજબ કાર્ય કરશે" તેના એક દિવસ પછી આ ફેરફાર આવ્યો છે.

"અમને કહેવામાં આવ્યું છે કે ઈરાનમાં હત્યાઓ બંધ થઈ રહી છે - તે બંધ થઈ ગઈ છે - તે બંધ થઈ રહી છે," ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં એક્ઝિક્યુટિવ ઓર્ડર અને કાયદા પર હસ્તાક્ષર કરતી વખતે કહ્યું હતું." અને ફાંસીની, અથવા ફાંસીની, અથવા ફાંસીની કોઈ યોજના નથી - તેથી મને સારી સત્તા પર કહેવામાં આવ્યું છે," તેમણે ઉમેર્યું. ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ પણ વાણીકતાને હળવી કરવાનો પ્રયાસ કર્યો, યુએસને વાટાઘાટો દ્વારા ઉકેલ શોધવા વિનંતી કરી.

માનવ અધિકાર કાર્યકરો સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે મૃતકોમાંથી ૨,૬૧૫ વિરોધીઓ હતા અને ૧૫૩ સરકાર સાથે જોડાયેલા હતા. તેર બાળકો માર્યા ગયા હતા, સાથે ૧૪ નાગરિકો પણ હતા જે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા ન હતા. જૂથે જણાવ્યું હતું કે ૧૮,૪૦૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. વિદેશથી થયેલા પ્રદર્શનોનું મૂલ્યાંકન કરવું વધુ મુશ્કેલ બન્યું છે, અને દેશમાં સંદેશાવ્યવહાર ખોરવાઈ જવાને કારણે એપી સ્વતંત્ર રીતે ટોલનું મૂલ્યાંકન કરવામાં અસમર્થ રહ્યું છે.

# સીએમ યોગીએ ગુરુ ગોરખનાથને શ્રદ્ધાની ખીચડી અર્પણ કરી, મુખ્યમંત્રીએ મકરસંક્રાંતિની શુભેચ્છાઓ પાઠવી

ગોરખપુર,

મકરસંક્રાંતિના શુભ પ્રસંગે, ગોરખપીઠધીશ્વર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગુરુવારે નાથ સંપ્રદાયની વિશેષ પરંપરાને અનુસરીને, બ્રહ્મ મુહૂર્તમાં મહાયોગી ગુરુ ગોરખનાથને ૪ વાગ્યે શ્રદ્ધાની પવિત્ર ખીચડી અર્પણ કરી. આ પ્રસંગે, તેમણે શિવ અવતાર મહાયોગીને લોકોના કલ્યાણ અને તમામ નાગરિકો માટે સુખી અને સમૃદ્ધ જીવન માટે પ્રાર્થના કરી.

મહાયોગી ગુરુ ગોરખનાથને ખીચડી અર્પણ કર્યા પછી, મુખ્યમંત્રી અને ગોરખપીઠધીશ્વર યોગી આદિત્યનાથે મકરસંક્રાંતિ પર તમામ નાગરિકો, સંતો અને ભક્તોને હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવી. આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા, મુખ્યમંત્રીએ કહ્યું કે બુધવારથી, રાજ્યભરના લાખો ભક્તો શ્રદ્ધાને શ્રદ્ધાંજલિ આપવા માટે પવિત્ર ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે. ગોરખપુરમાં, બુધવારે લાખો ભક્તોએ મહાયોગી ભગવાન ગોરખનાથને શ્રદ્ધાની પવિત્ર ખીચડી અર્પણ કરી. પ્રયાગરાજમાં સંગમમાં લાખો ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી. મુખ્યમંત્રીએ કહ્યું કે આ પરંપરા આજે પણ ચાલુ છે.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે આજે ગુરુવારે ગોરખપુરમાં લાખો ભક્તો ભગવાન ગોરખનાથમાં શ્રદ્ધા વ્યક્ત કરવા માટે ભક્તિભાવથી ખીચડી ચઢાવવા માટે લાઈનમાં ઉભા છે. તેમણે કહ્યું કે મારું સૌભાગ્ય છે કે મને પણ સવારે ૪ વાગ્યે ગોરખનાથ મંદિરમાં વિશેષ પૂજા પૂર્ણ થયા બાદ ભગવાન ગોરખનાથને શ્રદ્ધાની પવિત્ર ખીચડી ચઢાવવાની તક મળી છે. તેમણે માહિતી આપી કે લાખો ભક્તો શ્રદ્ધાની પવિત્ર ખીચડી ચઢાવવા માટે ગોરખનાથ મંદિરમાં આવ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતમાં તહેવારો અને ઉજવણીઓની પરંપરામાં મકરસંક્રાંતિ ખૂબ જ મહત્વપૂર્ણ તહેવાર છે. હકીકતમાં, સૂર્ય ભગવાન આ વિશ્વના આત્મા છે. બ્રહ્માંડના પિતા સૂર્યની પૂજા કરવાનો આ તહેવાર તમામ પ્રકારના શુભ અને શુભ કાર્યો માટે શુભ તિથિ માનવામાં આવે છે. આજથી સનાતન ધર્મની પરંપરા મુજબ બધા શુભ કાર્યો શરૂ થશે. સીએમ યોગીએ જણાવ્યું હતું કે જ્યોતિષ પરંપરા અનુસાર સૂર્ય સંક્રાંતિને ૧૨ અલગ અલગ ભાગોમાં વહેંચવામાં આવી છે. સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં સંક્રમણ થાય છે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે.

અને જ્યારે સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં સંક્રમણ કરે છે, ત્યારે તેને મકરસંક્રાંતિ કહેવામાં આવે છે. મકર રાશિથી સૂર્ય આગામી છ મહિના સુધી ઉત્તરાયણમાં રહેશે, એટલે કે મિથુન રાશિ સુધી. ઉત્તરાયણ દરમિયાન, દિવસો લાંબા અને રાત ટૂંકી હોય છે. જીવનશક્તિ માટે સૂર્યપ્રકાશનું મહત્વ અને ભારતની ઋષિ પરંપરા દ્વારા તેને આપવામાં આવેલ મહત્વ ઈવા પર્વ દ્વારા જાણી શકાય છે.

# ફ્રાન્સમાં ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા ટ્રેક્ટર લઈને સંસદ તરફ કૂચ કરી

પેરિસ,

ફ્રાન્સની શેરીઓમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા, ખેડૂતો સરકારી નીતિઓનો વિરોધ કરવા માટે બહાર આવ્યા. ટ્રેક્ટર સાથે રસ્તા પર ઉતરી આવ્યા. ખેડૂતો ૩૫૦ ટ્રેક્ટર સાથે સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા, તેમની ઓછી આવક અને દક્ષિણ અમેરિકા યુરોપિયન યુનિયન વેપાર કરારનો વિરોધ કરી રહ્યા હતા. ખેડૂતોને ડર છે કે વેપાર કરાર તેમની આજીવિકાને જોખમમાં મૂકશે. ખેડુતો ટ્રેક્ટર સાથે ચેમ્પ્સ-એલિસીસ અને પેરિસના અન્ય રસ્તાઓ પર ભીડના સમયે ટ્રાફિક જામ થાય છે. પછી તેમણે સીન નદી પાર કરીને રાષ્ટ્રીય સભા તરફ કૂચ કરી. ફ્રાન્સ અને અન્ય યુરોપિયન દેશોમાં અનેક પડકારોને કારણે ખેડૂતોનો ગુસ્સો વધ્યો છે. મંગળવારના વિરોધનું નેતૃત્વ કરી રહેલા ખેડૂત સંગઠનોએ કહ્યું હતું કે તેઓ ફ્રાન્સની ખાદ્ય સુરક્ષાને સુરક્ષિત રાખવા માટે નક્કર અને તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરે છે. રિયાએ કહ્યું.

ફ્રેન્ચ ખેડૂતોએ કહ્યું કે બળતણ, ખાતર અને પશુ આહારનું ઉત્પાદન વધતા ખર્ચ તેમજ કડક પર્યાવરણીય નિયમો અને શક્તિશાળી રિટેલરો અને ખાદ્ય કંપનીઓના ભાવ દબાણને કારણે તેમની આવક ઘટી રહી છે. અન્ય ઈયુ દેશોના ખેડૂતોની જેમ, ફ્રેન્ચ ખેડૂતો લાંબા સમયથી બ્રાઝિલ, આર્જેન્ટિના, બોલિવિયા પર નિર્ભર છે, પેરાગ્વે અને ઉરુગ્વે જેવા મર્કોસુર દેશો ઈયુના પ્રસ્તાવિત વેપાર કરારનો વિરોધ કરી રહ્યા છે. તેમનો દલીલ છે કે આ કરાર દક્ષિણ અમેરિકન બીફ, ચિકન, ખાંડ અને વિવિધ ધોરણો હેઠળ ઉત્પાદિત અન્ય ઉત્પાદનોનું રક્ષણ કરે છે. કૃષિ ઉત્પાદનોની સસ્તી આયાત બજારમાં છલકાઈ જશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીનું શાહીથી મોં કાળુ કરાયું

## ગિરીશ ભીમાણી સામે વિદ્યાર્થિનીની છેડતીના આક્ષેપો, NSUIનો પૂતળા દહન અને સૂત્રોચ્ચાર સાથે આક્રમક વિરોધ





રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી સામે વિદ્યાર્થિનીઓની છેડતીના ગંભીર આક્ષેપો મામલે ગુજરાત પ્રદેશ NSUI દ્વારા ગિરીશ ભીમાણીના પૂતળા દહન અને સૂત્રોચ્ચાર સાથે આક્રમક વિરોધ કરવામાં આવ્યો હતો. NSUIના કાર્યકરોએ ગિરીશ ભીમાણીને આંતરીને શાહી લગાવી મોં કાળુ કરવામાં આવ્યું હતું. જોકે, આ સમગ્ર મામલે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા વિધાનસભાના નિયામક તરીકે ફરજ બજાવતા ગિરીશ ભીમાણીએ આબુ ટૂર દરમિયાન ૧૦ વિદ્યાર્થિનીઓને અડપલા બાદ છેડતી કરી હોવાના આક્ષેપો થયા હતા. જોકે, આ આક્ષેપો બાદ ગજેરા સંકુલ દ્વારા તેમને તમામ પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રદેશ NSUIના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા વિધાસભાના નિયામક તરીકે ફરજ બજાવનારા ગિરીશ ભીમાણી દ્વારા વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાના આક્ષેપ થયા હતા. વિદ્યાર્થીઓ આબુ પ્રવાસ ગયા હતા જ્યાં પાછળથી ગિરીશ ભીમાણી પહોંચ્યા હતા અને નશાની હાલતમાં વિદ્યાર્થિનીઓની છેડતી કરી હોવાના આક્ષેપો થયા છે. ૧૨ અને ૧૩ જાન્યુઆરી દરમિયાન બનેલી આ ઘટના બાદ ગજેરા સંકુલ દ્વારા ભીમાણીને તાત્કાલિક દૂર કરી દેવામાં આવ્યા હતા. જોકે, આ અંગે સમાધાન થઈ જતા પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી.

અમારી માંગણી છે કે, પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવે અને આબુ ટૂર દરમિયાન હોટલના CCTV કેમેરા તપાસવામાં આવે. જે બાદ ગિરીશ ભીમાણીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે.NSUIના વિરોધ પ્રદર્શન દરમિયાન ગિરીશ ભીમાણી મુર્દાબાદના નારા લગાવવામાં આવ્યા હતા. જે પછી વિદ્યાર્થી સંગઠનના આગેવાનો દ્વારા ભીમાણીના મોં પર શાહી ફેંકવામાં આવી હતી. આ દરમિયાન ભીમાણીના પૂતળાનું દહન પણ કરવામાં આવ્યું હતું.

# કાગદડીના પાટીયે બે કાર ધડાકાભેર અથડાઈ ૯ માસ અને ૩ વર્ષના માસીયાઈ ભાઈ-બહેનના મોત







## રાજકોટથી મોરબી તરફ જતી સ્કોર્પિયો કાર બેફામ સ્પીડમાં ભટકાતા બંને કારનો બુકડો બોલી ગયો

રાજકોટ: મોરબી રોડ કાગદડીના પાટીયે બે કાર ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ૯ માસ અને ૩ વર્ષના માસીયાઈ ભાઈ- બહેનના મોત નીપજ્યા હતા. વાછકપર બેડીના અનિલભાઈ મદરેસાણીયા પોતાના સાઢુભાઈ અજયભાઈ બાબરીયાના ઘરે વાંકાનેર ઉતરાયણ કરવા પરિવાર સાથે ગયા હતા પરત આવતા મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. અલ્ટોઝ કાર રોડ ક્રોસ કરતી હતી ત્યારે રાજકોટથી મોરબી તરફ જતી સ્કોર્પિયો કાર બેફામ સ્પીડમાં ભટકાતા બંને કારનો બુકડો બોલી ગયો હતો. મૃતક મોક્ષ બાબરીયા(ઉં.વ.૩)ના પિતા અજયભાઈ ખેતી કામ કરે છે, જ્યારે શ્રેયા મદરેસાણીયા(ઉં.૯ માસ)ના પિતા અનિલભાઈ ટ્રાન્સપોર્ટના ધંધાર્થી છે. માસુમના મોતથી બંને પરિવારમાં કલ્પાંત છવાયો હતો.મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ રાજકોટની ભાગોળે મોરબી હાઈવે રોડ ઉપર કાગદડી ગામના પાટીયા પાસે જીજે ૩૬ એએલ ૯૯૨૮ નંબરની અલ્ટોઝ કાર અને જીજે ૦૪ એફએ ૭૭૭૧ નંબરની સ્કોર્પિયો કાર વચ્ચે અકસ્માત સર્જાતા, અલ્ટોઝ કારમાં બેઠેલ મોક્ષ અજયભાઇ બાબરીયા (ઉંમર વર્ષ ૩, રહે. વાંકાનેર) અને શ્રેયા અનિલભાઈ મદરેસાણીયા (ઉંમર ૯ માસ, રહે. વાછકપર બેડી)ને ગંભીર ઈજા થઈ હતી.તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા બંનેને ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. કુવાડવા રોડ પોલીસે બંનેના મૃતદેહોને પીએમ માટે ખસેડી સ્કોર્પિયો કાર ચાલક સામે ગુનો નોંધવા તજવીજ કરી હતી. પરિવારજનોની પૂછપરછમાં અનિલભાઈ જગદીશભાઈ મદરેસાણીયાએ જણાવ્યું કે, હું વાછકપર બેડી ગામે રહું છું.ટ્રાન્સપોર્ટનો ધંધો કરું છું. ગઈકાલે મકરસંક્રાંતિનો તહેવાર હોવાથી હું, મારી પત્ની હર્ષાબેન, પુત્રી, પુત્ર, બે સાળી એમ બધા વાંકાનેર મારાં સાઢુ ભાઇ અજયભાઈ સુરેશભાઈ બાબરીયાના ઘરે ઉતરાયણ તહેવાર મનાવવા ગયા હતા. બાદમાં રાત્રે અજયભાઈ બાબરીયા તેમના પુત્ર મોક્ષ સાથે અમારી અલ્ટોઝ કારમાં વાછકપર બેડી આવતા હતા. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. મૃતક મોક્ષના પિતા અજયભાઈ ખેતી કામ કરે છે.તેના માતાનું નામ જ્યોતિબેન છે. મોક્ષ તેના માતા પિતાનું એકનું એક સંતાન હતો. જ્યારે મૃતક શ્રેયા એક ભાઈ અને એક બહેનમાં નાની હતી. બંને બાળકોના અકસ્માતમાં મોત થતા બંને પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો.

મૃતક બાળકી શ્રેયાના પિતા અનિલભાઈ જગદીશભાઈ મદરેસાણીયાએ જણાવ્યું કે, અકસ્માતમાં મૃતક મોક્ષના પિતા અજયભાઈ સુરેશભાઈ બાબરીયા (ઉંમર વર્ષ ૩૨) અને તેમના નાના સાળી ધર્મિષ્ઠાબેન રમેશભાઈ વાઢૂકિયા (ઉંમર વર્ષ ૧૬)ને ઈજા થઈ છે. બંનેને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

# દુષ્કર્મ કરનાર રફિકને આજીવન કેદ અને સગીરાને ૫ લાખનું વળતર

## એક્ટિવા-મોબાઈલના બહાને બોલાવીને ઘરે દુષ્કર્મ આચર્યું હતું

રાજકોટ:રાજકોટ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ભારતીનગરમાં રહેતા આરોપીએ તેના મિત્રની સગીર દીકરી ઉપર દુષ્કર્મ આચર્યું હતું. જે ગુનામાં આજ રોજ રાજકોટની કોર્ટે આરોપી રફિક સૈયદ બિનબકરને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. ગત તા.૧૦.૦૪.૨૦૨૩ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની ફરિયાદી સગીરાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણીના પિતાના મિત્ર આરોપી રફિક બિનબકરએ સગીરાને તેનું એકટીવા તથા મોબાઈલ આપી જવાના બહાને ઘરે બોલાવી હતી.ત્યારબાદ સગીરા પર બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું જે ફરિયાદના આધારે પોલીસે આરોપી રફિકની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો અને આરોપી વિરૂધ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું.

ચાર્જશીટ થયા બાદ કેસમાં પુરાવો શરૂ થતા પ્રોસિક્યુશન તરફે ફરિયાદી સગીરાની સોગંદ ઉપર પોક્સો કોર્ટમાં જુબાની લેવામાં આવી હતી જેમાં ફરિયાદી સગીરાએ બનાવ અંગેની સંપૂર્ણ હકીકત કોર્ટમાં જણાવી અને જણાવ્યું કે, આરોપીએ તેણીને એકટીવા તથા મોબાઈલ દેવા માટે તેના ઘરે બોલાવી હતી જે દેવા માટે ઘરે પહોંચી ત્યારે આરોપીએ બારણું બંધ કરી તેની સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતુ આ સમયે મોઢે ચુંદડીનો ડુમો પણ આપ્યો હતો.સગીરાએ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવ્યો હતો અને આ કેસમાં પ્રોસિક્યુશન દ્વારા સગીરાના પિતાની જુબાની કોર્ટમાં લેવામાં આવતા તેમને સોગંદ ઉપર તેણીની સગીર દીકરી ઉપર આરોપીએ દુષ્કર્મ આચર્યાની હકીકત કોર્ટમાં જણાવી હતી તેમજ પ્રોસિક્યુશન દ્વારા આ કેસમાં ભોગ બનનાર સગીરાના ડોક્ટર તથા આરોપીના ડોક્ટરની જુબાની લેવામાં આવી હતી જેમાં ડોક્ટરે તેમની જુબાનીમાં તેઓએ કરેલ મેડિકલ તપાસણી અંગેની વિગતવાર જુબાની આપી હતી જેમાં મેડિકલ સેમ્પલો અંગેની હકીકતો જણાવી હતી.પ્રોસિક્યુશન દ્વારા આ કામના બનાવ સ્થળનું પંચનામું તેમજ બનાવ સ્થળેથી મળેલ મુદ્દામાલ અંગેના પંચોની પણ જુબાની કોર્ટમાં લેવામાં આવી હતી જેમાં પંચોએ પણ બનાવ સ્થળને ઓળખી બતાવી રૂબરૂ બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ ચુંદડી વગેરે બાબતની હકીકત કોર્ટમાં જણાવી મુદ્દામાલ કોર્ટમાં ઓળખી બતાવ્યો હતો.પ્રોસિક્યુશન દ્વારા આ કામમાં તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવી જેમાં તેઓએ કરેલ કેસની સંપૂર્ણ તપાસ બાબતની જુબાની આપેલી તેમજ મુદ્દામાલને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો જેનો અહેવાલ પણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પ્રોસિક્યુશન દ્વારા સાહેદોની જુબાની તથા રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ફરિયાદ, પંચનામાં, મેડિકલ સર્ટિફિકેટ તથા એફએસએલનો અહેવાલ સહિતના લેખિત ડોક્યુમેન્ટ પણ કોર્ટમાં રજૂ રાખ્યા હતા.

સરકાર તરફે સરકારી વકીલે દલીલમાં જણાવ્યું કે, આરોપી ૩૫ વર્ષની ઉંમરનો છે અને પરણિત છે જ્યારે સગીરા ૧૬ વર્ષની ઉંમરની છે અને તેની પુત્રી સમાન સગીરા ઉપર બળજબરીથી આરોપીએ દુષ્કર્મ આચર્યું છે જે બાબતના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાંથી પણ જે અહેવાલ આવેલ છે તેમાં પણ પુરવાર થાય છે અને સગીરાના પ્રાઈવેટ પાર્ટ્સમાં પણ આરોપીના સિમેન વિગેરેના ચિન્હો જણાઈ આવે છે. બનાવ સ્થળેથી કબજે કરવામાં આવેલ ચુંદડીમાં પણ સગીરાની લાળ આવેલ હોવાનો એફએસએલમાં રિપોર્ટમાં ઉલ્લેખ છે

# જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર વોરા બંધુનો પાઈપથી હિંચકારો હુમલો



રાજકોટ:રૈયાધારમાં જૂની અદાવતનો ખાર રાખી યુવાન પર વોરા બંધુએ પાઈપથી હિંચકારો હુમલો કરતાં યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. જે મામલે યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.બનાવ અંગે રૈયાધાર પાસે રહેતા કૌશલભાઈ નીતીનભાઈ મકવાણા (ઉ.વ.૨૨)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભાવેશ પ્રવીણ વોરા અને સચીન પ્રવીણ વોરાનું નામ આપતા તેમના વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.બનાવ અંગે યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તેના પત્ની સહિતના પરીવારજન સાથે રહે છે. પંદરેક દિવસ પહેલા કાકા બળવંતભાઈના જમાઈ રૂત્વીકભાઈ મકવાણા સાથે માથાકુટ કરનાર ભાવેશ વોરા તથા સચીન વોરા બંનેએ મોટા બાપુ દિનેશભાઈના ઘરમા તોડ ફોડ કરેલ હોય જે બાબતે તેઓને ફોન કરેલો હતો કે, તમે કેમ મારા મોટાબાપુ દિનેશભાઈના ઘરમા ગયા હતા અને તમારે જેની સાથે લપ હોય તેની સાથે કરો અમારા મોટાબાપુના ઘરે આવતા નહી.બાદમા જે તે સમયે તે મેટર બાબતે અમારે સમાધાન થઈ ગયું હતુ. બાદમાં સવારના ફરીયાદી પત્નિ વંદનાબેન સાથે ઘરે હતા ત્યારે ભાવેશ વોરા પોતાનુ નંબર પ્લેટ વગરના બુલેટમાં સચીન વોરા તેની રીક્ષા લઈ ઘરે આવેલા અને બંને ભાઈ બોલાચાલી કરવા લાગ્યા કે, પંદરેક દિવસ પહેલા તે કેમ અમને ફોન કરી તારા મોટા બાપુ દિનેશભાઈના ઘરમા ગયેલા તે બાબતે ફોન કરેલો હતો.જેથી આ બંને ભાઈઓને કહેલ કે, જે તે સમયે તે મેટર પુરી થઈ ગઈ હોય, સમાધાન થઈ ગયેલ હોય હવે તે વાતનુ શુ છે? તો આ બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયેલા અને કહેવા લાગ્યા કે, હવે તારી સાથે લપ કરવાની થાય છે અને તેમ કહી બંને ભાઈઓ ગાળો આપી બંને ભાઈઓએ પાઈપથી હુમલો કરી દિધો હતો. જેમાં તેમણે મુંઢ ઈજાઓ પહોંચી હતી.

# ઈન્સ્ટાગ્રામ ચેટિંગનો ખાર રાખી અજાણ્યા શખસોએ કર્યું સગીરનું અપહરણ

રાજકોટ:રાજકોટ નજીક ન્યારા ગામમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા સંજયભાઈ ખેતરીયાનો ૧૭ વર્ષીય પુત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કોઈ અજાણી છોકરી સાથે વાત કરતો હતો તે બાબતનો ખાર રાખી આરોપીઓએ તેને ગત તા.૦૭.૦૧.૨૦૨૬ના બપોરે મોરબી બાયપાસ રોડ પર માધવ હોટલ પાસે બોલાવ્યો હતો. માધવ હોટલ પાસે ચાર મોટરસાયકલ પર આવેલા ૧૦ શખસોએ સગીરનો મોબાઈલ પડાવી લઈ તેમાં ફોટા જોઈ બોલાચાલી કરી હતી.

ત્યારબાદ આરોપીઓએ તેને ઢીકાપાટુનો મારમારી બળજબરીથી મોટરસાયકલ પર બેસાડી તેનું અપહરણ કરી તેને એઈમ્સ હોસ્પિટલ રોડ અને ત્યાંથી જામનગર રોડ પર લઈ ગયા હતા ત્યાં એક શખસે છરી બતાવી પૈસાની માંગણી કરી હતી પરંતુ, તેની પાસે પૈસા ન હોવાથી તેનો સેમસંગ કંપનીનો મોબાઈલ બળજબરીથી પડાવી લીધો હતો. લૂંટ ચલાવ્યા બાદ આરોપીઓ સગીરને તેના ઘર પાસે મૂકી ગયા હતા અને ધમકી આપી હતી કે, જો આ બાબતે કોઈને વાત કરીશ તો તને જાનથી મારી નાખશું.

સગીરે ઘરે આવી ઘટનાની જાણ કરતાં તેને ઈજાઓ પહોંચી હોવાથી સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ ગાંધીગ્રામ પોલીસે તપાસ કર્યા બાદ આ મામલે સંજયભાઈની ફરિયાદ પરથી વિવેક અગ્રાવત, રોહિત, વરૂણ વાલ્મીકી, હિતેશ વાલ્મીકી, મનીષ વાલ્મીકી, આયુષ વાલ્મીકી, શુભમ સોલંકી ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ પંથકમાં લોહીયાળ ઉત્તરાયણ : ૪૦ના ગળા કપાયા, ૨૦ ધાબા પરથી ઢળી પડ્યા



રાજકોટ:ઉત્તરાયણ પર્વ રાજકોટ પંથકમાં લોહીયાળ બન્યો હતો. સૌરાષ્ટ્રની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ સતત ધમધમતી રહી હતી. ઘાતક દોરાથી ૪૦ના ગળા કપાયા હતા. ૨૦ લોકો ધાબા પરથી ઢળી પડ્યા હતા. ૨ હત્યા અને અનેક મારામારીના કિસ્સા સામે આવ્યા હતા. રાજકોટ શહેરમાં બાઈક ચલાવતી વખતે ઘાતક દોરા ગળામાં ફસાતા ઈજાના બનાવો બન્યા હતા. ગ્રામ્ય અને સિટી પંથકમાં સીડી પરથી પડી જતા, પતંગ લૂંટતા વખતે પડી જતા, પતંગ ચગાવતા પડી ગયેલા અનેક લોકો સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા.રાજકોટ સિવિલ હોસ્પિટલ રજાના દિવસે પણ ધમધમતી રહી હતી. ડોક્ટર -પેરામેડિકલ સ્ટાફ ખડેપગે રહ્યો હતો. ઉપરાંત મારામારી અને હત્યાના બનાવો બન્યા હોવાથી રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીનો સ્ટાફ પણ સતત કામગીરીમાં રહ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઉતરાયણના પર્વ નિમિત્તે અલગથી સ્ટાફ ફાળવાયો હતો અને સુવિધા ઉભી કરાવી હતી. જેમાં પતંગ ના દોરા વડે કપાઈને આવતા લોકોને તાત્કાલિક ઓપરેશન કરી શકાય તે માટે માઈનોર ઓપરેશન થિયેટર સતત દર્દીઓથી ભરાયેલું રહ્યું હતું.

પતંગ ચગાવતી વખતે પડી ગયાની ઘટનાઓ પણ બની હતી. જેમાં હર્ષ ભરતભાઈ ધારવીયા (ઉંમર વર્ષ ૪ રહે.રેલનગર, રુદ્ર રેસીડેન્સી, આસ્થા ચોક, રાજકોટ) ગઈકાલે સાંજે ૬:૩૦ વાગ્યાં આસપાસ પોતાના ઘરે અગાશી પરથી પહેલા માળેથી પડી જતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. પ્રિન્સ હાર્દિકભાઈ વીળસ્કા ઉંમર વર્ષ ૯ રહે ન્યારી ડેમ પાસે આવાસના ક્વાર્ટર કાલાવડ રોડ રાજકોટ ગઈકાલે બપોરે ત્રણ વાગે પોતાના ઘરે સીડી પરથી પડી જતા ઈજા થઈ હતી. હસન મોર્તુઝા (ઉંમર વર્ષ ૩, ભગવતીપરા મોડર્ન સ્કૂલ પાછળ, રાજકોટ) ગઈકાલે બપોરે ૧ વાગ્યા આસપાસ ઘરે સીડી પરથી પડી જતા ઈજા થઈ હતી.તનવીર પ્રકાશભાઈ ગોહેલ ઉંમર વર્ષ ૨ રહે કોઠારીયા પાર્ક બે ગઈકાલે સવારે ૧૦:૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે ધાબા પરથી પડી જતા બીજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ. ઋત્વિક મુન્નાભાઈ ચાવડા ઉંમર વર્ષ ૧૬ રહે યુવરાજ નગર આજીડેમ ચોકડી ગઈ કાલે સવારે ૯:૩૦ આસપાસ સત પરથી પડી જતા માથે શરીરે ઈજા થતાં રાજકોટ સિવિલમાં દાખલ કરેલ.ઉજેર ફૈઝલભાઈ બ્લોચ ઉંમર વર્ષ ૯ રહે સુખનાથ ચોક જુનાગઢ ગઈકાલે સવારે ૯:૦૦ વાગ્યા આસપાસ પોતે દૂધસાગર રોડ પર દૂધની ડેરી શેરી નંબર ત્રણમાં હતા ત્યારે ધાબા પરથી પડી જતા ઈજા થતાં રાજકોટ સિવિલમાં દાખલ થયેલ. ધ્રુવી જીજ્ઞેશભાઈ સોલંકી (ઉંમર વર્ષ દોઢ, રહે. ચુરા લવર શેરી નંબર ૫ તારીખ ૧૩ ની રાત્રે ૯:૩૦ આસપાસ પોતાના ઘરે સીડી પરથી પડી જતા બીજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ. માલિયાસણમાં ધર્મેશ પ્રવિણભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૩૩) સીડી પરથી પડી જતા ઈજા થઈ હતી. આ ઉપરાંત પડધરીના સાલ પીપળીયામાં પતંગ ચગાવતી વખતે સીડી પરથી પડી જતા ઈજા થતા વિનોદ લીબાભાઈ વાછકિયાનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત અકસ્માતમાં ઈજાના પણ ૫૦થી વધુ બનાવો બન્યા હતા.

# ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પીને આપઘાત

રાજકોટ:કોટન ઈન્ડસ્ટ્રીઝના જાણીતા ઉદ્યોગપતિ દિનેશભાઇ ધીરજલાલ સેલાણીના પુત્ર ગૌરવભાઇ દિનેશભાઇ સેલાણી (ઉં.વ.૩૩) ગત તા.૧૦.૦૧. ૨૦૨૬ના રોજ પોતાના તરઘડી સ્થિત કારખાને હતા ત્યારે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો હતો, જેની જાણ થતા ગૌરવભાઇને તાત્કાલિક રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા અહીં ૪ દિવસ લાંબી સારવાર બાદ આજે તેણે સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. આ બનાવ અંગે પડધરી પોલીસને જાણ કરવામાં આવતા પડધરી પોલીસ સ્ટાફે રાજકોટ આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

**યુવકે ગળાફાંસો ખાઈ જીવ ટૂંકાવ્યો**

વંશ સુરેશભાઈ ઝાલા (ઉં.વ.૨૧) ગઈકાલે બપોરે ૩ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ગળેફાંસો ખાઈ લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો. મૃતકના માતા રંજનબેન એઈમ્સમાં નોકરી કરે છે. પિતા ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે. વંશ બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. કોલેજમાં અભ્યાસ કરતો હતો સાથે કોમ્પ્યુટરને લગતું કામકાજ પણ કરતો હતો. જોકે, યુવકે આપઘાત ક્યાં કારણોસર કર્યું એ અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# દમણના ડાભેલની હોટલના રૂમમાં આગ લાગતા રાજકોટના યુવાનનું મોત

વાપી: દમણના ડાભેલ ગામે આવેલી હોટલની એક રૂમમાં અચાનક આગ સળગી ઉઠી હતી. રૂમમાં હાજર રાજકોટના યુવાનનું ગુંગળામણથી મોત થયું હતું. જો કે ત્રણ મિત્રો રેસ્ટોરન્ટમાં જમવા જતા બચી ગયા હતા. આગ અંગે ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. મૃતક સહિત ચાર મિત્રો રાજકોટથી દમણ ફરવા આવ્યા હતા. ફાયર વિભાગના લાશ્કરો દોડી જઈ આગને કાબુમાં લીધી હતી. ઘટનામાં હોટલના બેથી ત્રણ કર્મચારીઓને ઈજા થઈ હતી. રૂમમાં સિગારેટ પીતી વેળા તણખલો ઉડતા ઘટના બની હોવાનું અનુમાન લગાવાયું છે.

પ્રાપ્ત માહિતિ અનુસાર રાજકોટ ખાતે રહેતો વિનય હસમુખભાઈ વિરમગામીયા (ઉ.વ. ૩૭) અને ત્રણ મિત્રો ઉત્તરાયણ પર્વને લઈ દમણ ફરવા આવ્યા હતા. ગઈકાલે બુધવારે ચારેય મિત્રો ડાભેલ ખાતે આવેલી પ્રિન્સ ગાર્ડન હોટલમાં રોકાયા હતા. ચારેય મિત્રો સવારથી રૂમમાં દારૂની પાર્ટી કરી રહ્યા હતા. સાથે રૂમમાં ચારેય મિત્રો રૂમમાં સિગારેટ પણ પીતા હતા. સ્ટાફે રૂમમાં સિગારેટ નહીં પીવાનું પણ જણાવ્યું હતું. ચારેય મિત્રો દારૂના નશામાં ધૂત બની ગયા હતા. મોડી સાંજે ચાર પૈકી ત્રણ મિત્રો રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. વિનય રૂમમાં હાજર હતો. તે વેળા અચાનક આગ લાગી હતી. જેને કારણે વિનય શરીરે દાઝી ગયા બાદ બચવા માટે બાથરૂમમાં ગયા બાદ આગના ધુમાડાને કારણે વિનય ગુંગળામણથી બાથરૂમમાં બેહોશ થઈ ગયો હતો.

ઘટનાને પગલે જમવા ગયેલા ત્રણેય મિત્રો અને હોટલનો સ્ટાફ દોડી ગયો હતો. રૂમમાંથી વિનયને બેભાન અવસ્થામાં બહાર કાઢ્યા બાદ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ ફાયર વિભાગના બંબા આગને પગલે દોડી ગયા બાદ લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. હોટલના બેથી ત્રણ કર્મચારીઓને ઈજા પણ થઈ હતી. ઘટનાને પગલે પોલીસ અધિકારી અને ટીમ પણ દોડી ગઈ હતી. આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ કોઈ કારણ બહાર આવ્યું નથી. જો કે હોટલની રૂમમાં સિગારેટ પીતી વેળા તણખલો ઉડવાથી આગ લાગી હોવાનું અનુમાન લગાવાયું છે.

# ફોર વ્હીલ ગાડીએ માસૂમને અડફેટે લીધો

રાજકોટ: ભરતભાઈ પ્રેમજીભાઈ પારીયા (ઉં.વ.૪૫)એ જણાવ્યું કે, હું રાજકોટની ઝનાના હોસ્પિટલ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરું છું. મારે સંતાનમાં બે દીકરા હતા. જેમાં મોટો દીકરો દિવ્યેશ (ઉ.વ.૧૦) હતો તથા નાનો દીકરો જાવીન ૭ વર્ષનો છે. ગઈકાલે તા.૧૪.૦૧.૨૦૨૬ના રોજ સાંજના ૫ વાગ્યા આસપાસ હું તથા મારો દીકરો દિવ્યેશ બંને પિતૃકૃપા સોસાયટીના સામે રોડની સામેની સાઈડ આવેલ દુકાને મારા દીકરા માટે ભાગ લેવા માટે ગયા હતા. બાદમાં દુકાનેથી ભાગ લઈને હું દુકાન પાસે ઉભો હતો અને મારો દીકરો દિવ્યેશ રોડ ક્રોસ કરતો હતો ત્યારે રાજકોટ મોરબી હાઈ-વે પર રાજકોટ તરફથી આવતી એક ફોર વ્હીલ ગાડીએ મારા દીકરા દિવ્યેશને અડફેટે લીધો હતો.જેથી મારો દીકરો ફંગોળાઈને રોડની વચ્ચે પડ્યો હતો જેમાં ગંભીર ઈજાઓ થઈ હતી. બેભાન થઈ જતા ૧૦૮ને ફોન કરતા મારા દીકરાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અકસ્માતનો બનાવ બન્યા બાદ ફોર વ્હિલ ગાડીનો ચાલક પોતાની કાર સ્થળ પર જ મૂકીને ભાગી ગયો હતો. હાલ કુવાડવા પોલીસે જીજે.૧૦.ડી એન.૦૪૭૩ નંબરના ચાલક સામે ગુનો નોંધી તાપસ હાથ ધરી છે.